**સુવિચાર**
પરીક્ષાઓ પસાર કરવાની તૈયારી વગર પદવી મેળવવાની અપેક્ષા રાખવી એ તદ્દન અઘટિત છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૨/૦૯/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ભાદરવા સુદ-૯ વર્ષ : ૧૫ અંક : ૨૨૯

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ : ૧૪-૦૯-૨૦૨૪,શનિવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
કીડની
પ્રોસ્ટેટ
પથરી
Prostate Cancer
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૯૩૦૦૦

## લીલીયાનાં આંબા ગામ નજીકથી ૨ ડમ્પર અને ૧ ટ્રેક્ટર ઝડપી લેવાયા

# શેત્રુંજી નદીમાંથી રેતી ચોરી કરનાર વાહનો કબ્જે કરાયા

શેત્રુંજી નદીમાંથી દર મહિને કરોડો રૂપિયાની કિંમતની રેતીની ચોરી થતી હોય તંત્ર હપ્તાબાજીમાં વ્યસ્ત

ખાણ-ખનીજ વિભાગ મહિને એકાદવાર કાર્યવાહી કરીને સંતોષ માનતું જોવા મળે છે

શેત્રુંજી નદીમાંથી સેંકડોની સંખ્યામાં ડમ્પર અને ટ્રેક્ટર વડે સાંજથી સવાર સુધી ખુલ્લેઆમ રેતી ચોરી થઈ રહી છે

દર મહિને ભ્રષ્ટ સરકારી કર્મચારીઓ અને અધિકારી મોટી રકમની વસુલી કરતાં હોવાનું ચર્ચાઈ રહ્યું છે






અમરેલી, તા. ૧૧

અમરેલી નજીકથી પસાર થતી શેત્રુંજી નદીનાં લગભગ ૬૦થી ૭૦ કિ.મી.નાં પટ્ટમાંથી દર મહિને કરોડો રૂપિયાની કિંમતની રેતી ચોરી કરીને અનેક રોડપતિઓ અને ભ્રષ્ટ અધિકારીઓ કે પદાધિકારીઓ કરોડપતિ બની ગયા છે અને આ બાબત જગજાહેર છે.

શેત્રુંજી નદીમાં સિંહોનો વસવાટ હોવાથી રેતી ઉપાડવા પર પ્રતિબંધ હોવાથી જેમ દારૂબંધી હોવા છતાં દારૂ ખુલ્લેઆમ મળે અને સરકારી તિજોરીને બદલે ભ્રષ્ટાચારીઓની ઘરની તિજોરી છલોછલ થાય છે તેવી જ રીતે રેતીબંધી હોવાથી ભ્રષ્ટ અધિકારી, કર્મચારીઓ અને પદાધિકારીઓની ઘરની તિજોરીમાં મસમોટી રકમ દર મહિને કાળાનાણાનાં સ્વરૂપમાં એકત્ર થાય છે.

દરમિયાનમાં ખાણ–ખનિજ વિભાગે આળશ મરડીને લીલીયાનાં આંબા ગામ નજીક શેત્રુંજી નદીમાંથી રેતી ચોરી ઝડપીને બે ડમ્પર અને એક ટ્રેક્ટર મળી કુલ રૂપિયા ૮૦ લાખનો મુદામાલ કબ્જે કરવાની ઔપચારિકતા પૂર્ણ કરી છે.

જો કે શેત્રુંજી નદીમાંથી મોડી સાંજથી વ્હેલી સવાર સુધીમાં હજારો ટન રેતીની ચોરી હપ્તાબાજી દ્વારા શરૂ હોવાનું સૌ નજરે નિહાળી રહ્યું હોય મુખ્યમંત્રીએ ઉચ્ચકક્ષાની ટીમ મોકલીને આકસ્મિક ચકાસણી કરે તો કરોડો રૂપિયાનું કૌભાંડ ઝડપાઈ શકે તેમ છે અને શેત્રુંજી નદી અને વન્ય પ્રાણીઓને ફાયદો થઈ શકે તેમ છે.

## મામલતદારે ખાણ–ખનિજ વિભાગને જાણ કરી

# લીલીયાના ભેંસવડી નજીક રેતી ચોરી કરનાર ડમ્પર ચાલક વિરૂધ્ધ કાર્યવાહી

### ડમ્પરમાં ૨૩ ટન રેતી હોવાનું બહાર આવ્યું



અમરેલી, તા. ૧૧

વાહન નં.જીજે ૧૩ એટી ૦૭૦૩ નિકળતાં રોકી ડ્રાઈવરનું નામ પુછતાં તેઓએ પોતાનું નામ અસલમભાઈ અહેમદભાઈ મોગલ બતાવેલ છે અને સદરહુ ખનીજ(સાદી રેતી) શેત્રુજી નદી, ભેંસવડી વિસ્તારમાંથી ભરેલ હોવાનું જણાવેલ છે અને તેઓ પાસે રોયલ્ટી પાસ માંગતા રોયલ્ટી પાસ રજુ કરી શકેલ નથી. આ વાહનનું લીપ એગ્રી લોજીસ્ટીક (પીપાવાવ) પ્રા. લી., લીલીયા મોટા મુકામે વજન કરાવતાં, વાહન સાથે ૨૩ ટન (૨૨૬૬૦ કી.ગ્રા.) સાદી રેતી હોવાનું જાહેર થયેલ છે. અનધિકૃત રીતે વાહન સાથે ૨૩ ટન (૨૨૬૬૦ કી.ગ્રા.) સાદી રેતી હોવાથી બિનઅધિકૃત ખનીજ વાહન અંગેનો રૂબરૂ જવાબ તથા તે અંગેનો જપ્તીનો હુકમ કરી પોલીસ સ્ટેશન, લીલીયાને તા.૧૧/૯/૨૦૨૪ નાં રોજ કબ્જો સોંપી દીધેલ છે. બસીરભાઈ સુમારભાઈ સીરમાન વિરૂધ્ધ બિનઅધિકૃત ખનીજ વહન અંગે ઘટીત કાર્યવાહી કરવા મામલતદારે ભુસ્તરશાસ્ત્રીને જાણ કરેલ છે.

## કળિયુગનાં દિવસો શરૂ થઈ ગયા લાગે છે

# હે રામ : ખાંભાનાં ભગવતિપરામાં દિકરાએ વૃધ્ધ માતા–પિતા પર કર્યો હુમલો

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૧૧

ખાંભા ગામે આવેલ ભગવતીપરામાં રહેતા રમેશભાઈ પ્રેમજીભાઈ રાઠોડે પ્રેમલગ્ન કરેલ હોય અને પોતાની માતા સાથે આવર–નવાર ઘર બાબતે બોલાચાલી કરતો હોય. તા. ૧૦ના રાત્રીના આશરે આઠેક વાગ્યે વૃધ્ધ તથા તેના પત્નિ ઘરે હોય ત્યારે આરોપી દિકરા પોતાની માતાને જેમ ફાવે તેમ બોલતો હોય અને મકાન ખાલી કરી બહાર જતા રહેવાનું કહેતો હોય. જેથી પિતાએ પુત્રને બોલવાની ના પાડતા દિકરાએ ઉશ્કેરાઈ જઈ માતા–પિતાને જેમ ફાવે તેમ ગાળો આપી તથા ધમકી દઈ દિકરાએ પોતાના પિતાને કુહાડીનો હાથો ડાબા પગે મારી તથા કુહાડીનો ખૂણો માથાના ભાગે મારી દેતા વૃધ્ધ પિતાને માથાના ભાગે લોહી કાઢી ઈજા કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
64,300/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૧/૦૯/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) (સ્ત્રીરોગ નિષ્ણાંત)
Diploma in Gynec Endoscopy (FRANCE)
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી • પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી,
• ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
• વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI = ૨૪ કલાક કાર્યરત
• લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.) (નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)
ઉપલબ્ધ સુવિધાઓ :- રસીકરણ કેન્દ્ર • નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
• આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર
• જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
(02792) 221324

## ચિતલ માર્ગ ઉપરનાં ઉમિયાનગરમાં

# બાબરામાં રહેણાંક હેતુ માટે બિનખેતી થયેલ જમીનમાં કોમર્શિયલ બાંધકામ શરૂ

### ચીફ ઓફિસરે બાંધકામ બંધ કરવા નોટિસ પાઠવી

બાબરા, તા. ૧૧

બાબરા પાલિકાના ચીફ ઓફિસરે બિલ્ડર ભાવેશભાઈ હસલાણીયાને નોટિસ પાઠવીને ઉમિયાનગરમાં કરાતા કોમર્શિયલ બાંધકામને બંધ કરવા જણાવેલ છે.

નોટિસમાં જણાવેલ છે કે, બાબરા શહેરમાં વોર્ડ નં–૫ માં આવેલ ઉમીયાનગર વિસ્તારમાં આપના દ્વારા કોમ્પ્લેક્ષ બનાવવાનું કામ શરૂ કરેલ છે. પરંતુ તે જમીન રહેણાંક હેતુ માટે

અનુસંધાન પાના ૬ ઉપર

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
24/7 Emergency Services
કિડની સ્પેશિયાલિસ્ટ આપના અમરેલી માં...
કિડનીના રોગોનું રાહત દરે નિદાન તથા નિષ્ણાંત દ્વારા યોગ્ય માર્ગદર્શન
કિડનીના રોગોના લક્ષણો
■ પગમાં સોજા આવવા તથા મોઢે સોજા ચડવા.
■ પેશાબમાં વારંવાર ઈન્ફેક્શન થવું, પેશાબ અટકી ને આવવો,લાલ પેશાબ આવવો.
■ વારંવાર શ્વાસ ચડવો.
■ ઉલટી-ઉબકા થવા ભુખ ઓછી લાગવી.
તારીખ :૧૨ /૦૯ /૨૪ ગુરૂવાર
સમય : ૧૧:૦૦ થી ૧:૦૦
ડો.જીગર શ્રીમાળી
MD DM Nephro | Gold Medalist |
Consultant Nephrologist & Transplant Physician
વધુ માહિતી માટે સંપર્ક કરો
99789 66629
99045 93355
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬, ૨૨૦૬૨૦

## વાતાનુકુલિન કચેરીઓમાં મસમોટા આયોજનમાં તંત્ર વ્યસ્ત હોવાથી

# મનફાવે ત્યાં જમીન દબાણ કરો : કોઈ પુછવાવાળુ જ નથી

જાહેર માર્ગ, ફૂટપાથ, ગૌચર કે પડતર જમીનમાં દબાણ કરો તો પાલિકા, મહેસુલ સહિતનાં વિભાગોને કાંઈ પડી નથી

જિલ્લાનાં મુખ્ય મથક અમરેલીમાં નાથનાથ મંદિર ફરતે, ગર્લ્સ હાઈસ્કૂલની દીવાલ સહિત ઉપર વ્યાપક દબાણ

શહેરીજનો માટે બનાવાયેલ ફૂટપાથ ઉપર રેંકડીઓ અને કેબિનોનો જમેલો

પાલિકાનાં બાંધકામ વિભાગનાં કર્મચારીઓ શું કરે છે તે સમજાતું નથી






અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લામાં ''સબ ભૂમિ ગોપાલકી''હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. જિલ્લાનાં મુખ્ય શહેરથી લઈને છેવાડાનાં ગામમાં આવેલ સરકારી જમીનો, જાહેર માર્ગો, ગૌચરણ ઉપર વ્યાપક પ્રમાણમાં દબાણ હોવા છતાં મહેસુલ, પંચાયત કે પાલિકા ધ્વારા દબાણ હટાવાતું નથી કે નથી દબાણ થતું અટકાવવાનું અને કહેવાતા જમીન માફિયાઓની હિંમત વધી રહી હોવાથી દબાણનું પ્રમાણ પણ વધે છે.

જિલ્લાનાં મુખ્ય મથક અમરેલીમાં ટ્રાફિક પોલીસ, પાલિકાની બેદરકારીનાં લીધી ધાર્મિક સ્થાનો અને શાળા–કોલેજો આસપાસ તેમજ જાહેર ફૂટપાથ, જાહેર માર્ગ કે સાર્વજનિક પ્લોટ સહિતની જમીન ઉપર દબાણો ખુલ્લેઆમ થઈ રહ્યા છે.

અમરેલીનાં સુપ્રસિધ્ધ નાથનાથ મંદિરની બહાર રેંકડીઓ અને કેબિનો ગોઠવી દેવાઈ છે તો ગર્લ્સ હાઈસ્કૂલનાં દરવાજાથી લઈને ગાંધીબાગનાં દરવાજા સુધી તેમજ સામે આવેલ ફૂટપાથ ઉપર રેંકડી અને કેબિનો જોવા મળે છે. તો ટેલીફોન કચેરીની આગળ અને પાછળ પણ દબાણ જોવા મળી રહ્યાં છે તો ખાદીભવન, હંગામી બસ સ્ટેન્ડ સામે, લાયબ્રેરી ચોક, હરિરોડ, શાકમાર્કેટ, રામજી મંદિર રોડ ઉપર ઓટલા, છાપરા, રેંકડીઓ અને કેબિનોનો જમેલો જોવા મળે છે.

પાલિકાનો બાંધકામ વિભાગ કુંભકર્ણની નિંદ્રામાં પોઢી ગયો છે અને ટ્રાફિક વિભાગે બે–ચાર મહિને એક–બે કલાક ટ્રાફિક ડ્રાઈવ કરીને સંતોષ માને છે. અને શહેરીજનો માટે ફૂટપાથ કે જાહેર માર્ગ પર વાહન તો દૂરની વાત પગપાળા ચાલવું કે વાહન પાર્ક કરવામાં માથાનો દુઃખાવો બની રહ્યું હોય શહેરીજનોમાં તંત્રની નિષ્ક્રીયતા સામે નારાજગીનો માહોલ જોવા મળી રહ્યો છે.

## ઉના : ધોકડવા ગામેથી જાહેરમાં જુગાર રમતા ૧૦ જુગારીઓને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડયા



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૧

ગીરગઢડા પો.સ્ટે વિસ્તારના ધોકડવા ગામના ખાંભડા નામની સીમમાં રમેશભાઈ ગદાભાઈ બલદાણીયા, રહે. ધોકડવાના ભાગે વાવવા રાખેલ વાડીએ જુગાર અંગે રેઈડ કરી રમેશભાઈ ગદાભાઈ બલદાણીયા, રહે. ધોકડવા તા. ગીરગઢડા (પકડવાનો બાકી), ગજરાજ ઉર્ફે ગજો આતુભાઈ ખસીયા, પરેશભાઈ અરજણભાઈ કાતરીયા, હિતેન્દ્ર ધીરૂભાઈ કોટેચા, મનસુખભાઈ રાણાભાઈ ધાપા, જી. અમરેલી, હમીરભાઈ જેસાભાઈ વાજા, રહે. સાંજવાપુર તા. ઉના, વિક્રમસિંહ ગંભીરસિંહ ગોહિલ, સામેતર તા. ઉના. ગોપાલભાઈ બાલુભા મકવાણા, જાલમભાઈ રાણાભાઈ ચાવડાને રોકડ રકમ રૂ. ૨ લાખ ૪૭ હજાર ૫૦૦ મોબાઈલ નંગ ૮ કી.રૂ. ૭૦ હજાર, મોટરસાયકલ નંગ – ૦૨ કી.રૂ. ૬૫ હજાર મળી કુલ ૩ લાખ, ૮૨ હજાર, ૫૦૦ના મુદામાલ સાથે ૧૦ જુગારીઓને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### ભાદરવામાં પણ મેઘાનું રોકાણ

## સાવરકુંડલા, ધારી, બગસરા, વીજપડી સહિતનાં વિસ્તારમાં વરસાદી ઝાંપટા

### ખેડૂતોમાં ખૂશીનો માહોલ છવાયો



અમરેલી, તા. ૧૧

અમરેલીમાં ગત રાત્રિએ એકથી દોઢ ઈંચ વરસાદ પડયા બાદ આજે સાવરકુંડલા, ધારી અને બગસરા તેમજ વીજપડી પંથકમાં જોરદાર વરસાદી ઝાંપટુ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને ખેડૂતોમાં ખૂશીનો માહોલ છવાયો હતો.

સાવરકુંડલા

સાવરકુંડલા તાલુકાના ખડસલી, વીજપડી, ગાધકડા ગામમાં બપોર બાદ વાતાવરણમાં અચાનક પલ્ટો આવતા સતત ત્રણ કલાક વરસાદ વરસતા નદીમાં પુર આવ્યું હતું. જો કે સાવરકુંડલા શહેરમાં પણ આજે જોરદાર વરસાદી ઝાંપટા વરસતાં ખેડૂતો ખૂશખૂશાલ થયેલા જોવા મળ્યા.

### બેટી બચાઓ બેટી પઢાઓ સેલ દ્વારા

## અમરેલી ખાતે આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ'ની ઉજવણી સંપન્ન'

### 'બેટી બચાઓ બેટી પઢાઓ' યોજનાકીય કિટ વિતરણ



અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લા વહીવટી તંત્ર અને અમરેલી જિલ્લા મહિલા અને બાળ કચેરી અંતર્ગત 'બેટી બચાઓ બેટી પઢાઓ' સેલ દ્વારા 'આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. જીવન ઘડતર અને વર્તમાન સમયે શિક્ષણની આવશ્યકતા, કિશોરીઓનું શિક્ષિત હોવું એ સ્વયં વિકાસ છે. સાક્ષરતાનું પ્રમાણ વધે તે ઉદેશ્ય સાથે તા.૮ સપ્ટેમ્બરે 'આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. આ નિમિત્તે ''Promoting multilingual education: Literacy for mutual understanding and peace'' થીમ પર બેટી બચાવો બેટી પઢાઓ યોજના હેઠળ જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત કન્યા કેળવણી અને શિક્ષણને પ્રોત્સાહન મળી રહે તે માટે કાર્યક્રમનું આયોજન ટી.પી.ગાંધી ગર્લ્સ હાઈસ્કુલ ખાતે કરવામાં આવ્યું હતું.

અમરેલી મહિલા અને બાળ કચેરી અંતર્ગત Dhew યોજનાના જિલ્લા મિશન કો–ઓર્ડિનેટર હસમુખભાઈ દ્વારા આતંરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ નિમિતે વિગતો અને માર્ગદર્શન આપ્યું હતું. પીબીએસસી અમરેલીનાં કાઉન્સેલર રોશનીબેન દ્વારા મહિલા સહાયતા કેન્દ્ર વિશેની વિગતો જણાવી હતી.

કાર્યક્રમમાં ટી.પી.ગાંધી ગર્લ્સ હાઈસ્કુલની વિદ્યાર્થીનીઓને બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અન્વયે કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડો.મનિષાબેન મુલતાનીએ માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં શાળાનાં આચાર્ય ક્રિષ્નાબેન તેમજ શાળાનાં શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ સહિતનાં ઉપસ્થિત રહયા હતા. મીનાક્ષીબેન મકવાણાએ આભારવિધિ કરી હતી.

''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવાયું

## કોળી સામાજનાં આગેવોનોએ સમાજને અપમાનીત કરનારની નિંદા કરી

### કીર્તિ પટેલ વિરૂધ્ધ કાર્યવાહી કરવા માંગ



અમરેલી, તા. ૧૧

અમરેલી જીલ્લા સમસ્ત કોળી સમાજ સંગઠનના નેજા હેઠળ જીલ્લા કલેકટર કચેરી ખાતે કોળી સમાજના આગેવાનો નારણભાઈ કાછડીયા, રવજીભાઈ મકવાણા, કાળુભાઈ ગોહિલ, હરેશભાઈ સોલંકી, મુન્ના ભાઈ રાઠોડ, ભીખુભાઈ મકવાણા, હિંમતભાઈ બારૈયા અન્ય આગેવાનોએ સનાતન ધર્મ સરખેજ આશ્રમના મહામંડેલેશ્વર ૧૦૦૮ મહંત ઋષિ ભારતી બાપુ અને તેના ગુરૂ હરિહરા નંદ બાપુ વચ્ચે આશ્રમના વાદ વિવાદમાં કીર્તિબેન પટેલ અને રામદાન ગઢવી જે બાપુના ચારિત્ર્યને લાંછન લાગે તેવી રીતે કાર્ય કરેલ હોફ તેમજ કોળી સમાજને અપમાનિત કરવા કીર્તિ પટેલ એ વાણી વિલાસ કરેલ હોય તેને વખોડી નિંદા કરી કાયદેસર કાર્યવાહી કરવા આવેદન પત્ર પાઠવવામાં આવેલ છે.

### મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત

## અમરેલી તાલુકા અને શહેરની ૧૩ સંસ્થાઓને રૂા. ૪૯,૦૫,૮૧૦ પશુ નિભાવ ખર્ચ ચૂકવવામાં આવ્યો



અમરેલી, તા. ૧૧

મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત અમરેલી શહેર અને તાલુકા મામલતદારના અધ્યક્ષસ્થાને અમરેલી તાલુકા કક્ષા સમિતિની બેઠક યોજાઈ હતી. અમરેલી તાલુકાની ૦૪ અને શહેરની ૦૪ સહિત વિવિધ ૧૩ સંસ્થાઓને, પશુનિભાવ ખર્ચ પેટે ૯૧ દિવસનાં રૂા.૪૯,૦૫,૮૧૦ ચુકવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. સંસ્થાઓ દ્વારા ગાય, ભેંસ વર્ગનાં રાખવામાં આવતા હોય તો તે સંસ્થાઓને પશુઓના નિભાવ અર્થે પશુદીઠ પ્રતિદિન રૂા.૩૦ ની સહાય ચુકવવામાં આવે છે. બેઠકમાં અમરેલી તાલુકા મામલતદાર નિમાવત, અમરેલી શહેર મામલતદાર બાવીસા, અમરેલી તાલુકા વિકાસ અધિકારી, ખસેટીયા, અમરેલી તાલુકા પશુચિકિત્સા અધિકારી ડો. ગોસ્વામી સહિતનાં ઉપસ્થિત રહયા હતા. તેમ અમરેલી તાલુકા પશુ ચિકિત્સા અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# બ્રહ્મકુમારીઝના દિલ્હી અને પંજાબથી પધારેલા પ્રેરક વકતાઓ દ્વારા અલગ–અલગ ઓફીસોમાં પ્રેરણાદાયી પ્રવચનો યોજાયા




બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર અમરેલી તથા પ્રશાસક સેવા પ્રભાગ દ્વારા શહેરની કલેકટર ઓફીસ, જીલ્લા પંચાયત તથા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકના તમામ અધિકારીઓ તથા કર્મચારીઓ તથા કર્મચારીઓને ગુરૂગ્રામ ઓમ શાંતિ રીટ્રીટ સેન્ટર ઓ.આર.સી.ના બ્ર.કુ. ઈશુબહેન તથા જલંધર પંજાબના બ્ર.કુ. સી.એ. નેહા બહેન દ્વારા કલેકટર ઓફીસમાં હેપી માઈન્ડ હેલ્થી બોડી વિષય પર ઉંડાણ પૂર્વક સમજાવવામાં આવેલ. આ પ્રસંગે જીલ્લા કલેકટર અજય દહિયા આઈ.એ.એસ. એડીશનલ કલેકટર દિલીપસિંહ ગોહિલ તથા ૬૦ જેટલા દરેક શાખાના કર્મચારીઓએ ભાગ લીધેલ. જીલ્લા પંચાયત ઓફીસમાં બ્ર.કુ. ઈશુ બહેન ભાગ દોડવાળા જીવનમાં સટેસ ફ્રી એડમીનસસ્ટ્રેશન માટે મહત્વપૂર્ણ યુકતિઓ સમજાવતા જણાવેલ કે સેલ્ફ મેનેજમેન્ટ અને રાજયોગ મેડીટેશન દ્વારા તનાવ મુકત રહી શકીએ છીએ આ સમયે ડી.ડી.ઓ. પી.બી.પંડયાએ સર્વેને ૭ દિવસનો કોર્ષ કરવા ભાર મૂકેલ. ડેપ્યુટી ડી.ડી.ઓ. દિપા કોટની સાથે કર્મચારીઓ તનાવ મુકત બનેલ. પોલીસ હેડ કવાટર્સ અમરેલી ખાતે વર્ક લાઈફ બેલેન્સ વિષય પરક બ્ર.કુ. સી.એ. નેહાબહેને જીવન જીવવામાં બેલેન્સ કેમ રાખવું તેની સમજ આપેલ ડી.વાય.એસ.પી. ગોહિલ, ડી.વાય.એસ.પી. રાઠોડની આગેવાની સાથે ૧૩૦ પોલીસ કર્મચારીઓએ કામમાં વ્યસ્ત હોવા છતાં જીવન સરળતાથી જીવવાનો સંકલ્પ કરેલ. જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક અમરેલીના તમામ કર્મચારીઓ તથા ઓફીસરોને સેલ્ફ મોટીવેશન પર બ્ર.કુ. સી.એ. નેહાબહેને સેલ્ફ લવ, સેલ્ફ ટોક, અને સેલ્ફ રીલાઈઝેશન આ ત્રણ વસ્તુઓની ઉંડાણપૂર્વક સમજ આપી. બેંક મેનેજર કોઠીયા સ્વાગત કરી બેંકના ૮૦ કર્મચારીઓએ પોતાને પ્રોત્સાહિત કરવાની કલા શીખેલ. સમગ્ર સફળ કાર્યક્રમ માટે બ્રહ્મકુમારીઝ સેવા કેન્દ્રના મુખ્ય સંચાલિકા બ્ર.કુ. ગીતાબહેને તથા બ્ર.કુ. કિંજલબહેન તથા બ્રહ્માકુમારી પરિવાર અમરેલીનું વિશેષ યોગદાન રહેલ તેમ પ્રેસ રીપોટર મધુબેન ન્યુઝ અમરેલીના બ્ર.કુ. આઈ.પી. બારડની યાદી જણાવે છે.

## બહારગામથી અપડાઉન કરતાં કર્મચારીઓને સમયની કોઈ કિંમત નથી


# બગસરાની મામલતદાર કચેરીમાં અરજદારો હાજર અધિકારીઓ ગેરહાજર

**જિલ્લાનાં જનપ્રતિનિધિઓની નિષ્ક્રીયતા અને ઉચ્ચ અધિકારીઓ કામમાં વ્યસ્ત હોય કર્મચારીઓને મોજેમોજ**

**લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકો સર્વોપરી હોવાને બદલે સરકારી કર્મચારીઓને જલ્સા**

**તગડો પગાર મેળવતાં કર્મચારીઓને સમયસર ફરજ બજાવવામાં આળશ આવે**

**જનપ્રતિનિધિઓ અને ઉચ્ચ અધિકારીઓએ તમામ કચેરીઓની ચકાસણી કરવી જરૂરી**



તસ્વીર : રસમીર વિરાણી–બગસરા

અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લાનાં જનપ્રતિનિધિઓની નિષ્ક્રીયતા અને ઉચ્ચ અદિકારીઓ કામમાં વ્યસ્ત હોય કર્મચારીઓ મનફાવે તે સમયે કચેરીમાં પધરામણી કરતાં હોવાની ફરિયાદ ઉભી થઈ છે.

બગસરાની મામલતદાર કચેરીમાં સવારનાં સમયે અરજદારો સમયસર આવી જાય છે પરંતુ અધિકારીઓ સમયસર આવવામાં આળસ કરી જતાં જોવા મળી રહ્યા છે. જેને કારણે લોકોમાં રોષ ફેલાયો છે.

બગસરાની અનેક કચેરીઓમાં કર્મચારીઓ સમયસર ઉપસ્થિત થતાં ન હોવાથી અરજદારોને કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવું પડે છે. તાજેતરમાં જ બગસરાની મામલતદાર કચેરીમાં આવું ચિત્ર જોવા મળ્યું હતું. જેમાં કચેરી સાડા દસ વાગે શરૂ થતાં જ અરજદારો પોતાના કામ માટે લાઈન બનાવી ઉભા રહી ગયા હતા. પરંતુ મામલતદાર કચેરીના કર્મચારીઓ કે અધિકારીઓ ૧૧ વાગ્યે પણ કચેરીમાં પહોંચ્યા ન હતા જેને કારણે બહારથી આવતા અરજદારોમાં રોષ જોવા મળી રહ્યો હતો. આ ઉપરાંત અરજદારોને જવાબ આપવામાં પણ અધિકારીઓ દ્વારા તોછડું વર્તન કરવામાં આવતું હોય તેવી પણ ફરિયાદો લોકોમાંથી ઉઠી છે. સરકારી કર્મચારીઓ સમયસર ન આવવાથી લોકોનાં કામ પણ ટલ્લે ચડી જતાં હોય છે જેને કારણે બીજા દિવસે પણ લોકો ધકકા ખાતા જોવા મળે છે. સરકારની ઢીલી નીતિને કારણે મામલતદાર કચેરીનાં કર્મચારીઓ બેફામ બની ગયા હોય તેને પોતાને ફરજનું ભાન કરાવવા ઉચ્ચ અધિકારીઓ રસ લે તેવી લોકો માંગણી કરી રહ્યાં છે.

---

### મૂલ્ય શિક્ષા અને રાષ્ટ્રીય સહિતનાં હિમાયતી એવા

## ગોપાલગ્રામ કન્યા પ્રાથમિક શાળાનાં શિક્ષકને શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ એનાયત

**દેવેનકુમાર નટવરલાલ ભટ્ટ ઉપર અભિનંદન વર્ષા**



ચલાલા, તા. ૧૧

મૂલ્ય – શિક્ષા અને રાષ્ટ્રીયહિતના પ્રખર હિમાયતી એવા દેવેનકુમાર નટવલાલ ભટ્ટ શિક્ષક દિનના અવસરે શ્રેષ્ઠ શિક્ષક તાલુકા પરિષદ પારિતોષિક – ૨૦૨૪ થી નવાજવામાં આવ્યા. શિક્ષક દિને આનાથી સારો ઉપહાર કયો હોઈ શકે ? ૫ મી સપ્ટેમ્બર ૨૦૨૪ને શિક્ષક દિવસના અવસરે ધારી તાલુકાના ભકિતબા (ગોપલાગ્રામ) કન્યા પ્રાથમિક શાળાના સંનિષ્ઠ શિક્ષક દેવેનકુમાર નટવરલાલ ભટ્ટ તેઓને શિક્ષણ વિભાગ, ગુજરાત રાજયના ઉપક્રમે જીલ્લા શિક્ષણ વિભાગ, અમરેલી ખાતે આયોજીત શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક સમારોહમાં માનનીય કૌશિકભાઈ વેકરીયા (નાયબ મુખ્ય દંડક ગુજરાત વિધાનસભા), અજય દહીયા IAS (કલેકટર અમરેલી), પરિમલ પંડયા IAS (જીલ્લા વિકાસ અધિકારી, અમરેલી), એમ.બી. ગોહિલ (જીલ્લા શિક્ષણાઅધિકારી, અમરેલી), કે.વી. મિયાણી (જીલ્લા શિક્ષણાઅધિકારી, અમરેલી)ની વિશેષ ઉપસ્થિતિમાં શિક્ષણ ક્ષેત્રમાં એમણે કરેલી પ્રશંસનીય અને વિશિષ્ટ લોકસેવાના સન્માનાર્થે શ્રેષ્ઠ શિક્ષક તાલુકા પારિતોષિક – ૨૦૨૪ એનાયત કરવામાં આવ્યો. પોતાની આગવી અને મૂલ્યલક્ષી સૂઝની સહાયથી પોતાના એક પછી એક વૈચારિક કાર્યો દ્વારા તમામ સામાજીક શૈક્ષણિક પડકારોને અવસરમાં બદલવાનું શરૂ કર્યુ અને શિક્ષણની સતત જયોત પ્રગટાવતા શિક્ષણ અંગે જાગ્રૃતતા લાવવા સતત પ્રયત્નશીલ રહ્યા છે. તેમના દેશના અલગ અલગ રાજયોમાં સંસ્કૃત મંત્રાલય ભારત સરકાર દ્વારા ચાલતા CCRT ના પ્રશિક્ષણ કેન્દ્રો જેવા કે, ગોવાહાટી, હેદરાબાદ, ન્યુ દિલ્હી, જેવા સ્થળોએ તાલીમમાં ગુજરાત રાજયનું નેતૃત્વ કરેલ છે. તેમજ ૨૦૨૨માં તેમને પ્રતિભાશાળી શિક્ષક તરીકે સન્માનિત કરવામાં આવેલ છે. તેમણે ભકિતબા (ગોપાલગ્રામ) કન્યા શાળાનું અને ધારી તાલુકાનું નામ જીલ્લા કક્ષાએ રોશન કર્યુ છે.

---

## ધારી : પ્રધાનમંત્રી નેશનલ એપ્રેન્ટિસ ભરતી અને પ્લેસમેન્ટ મેળો

અમરેલી, તા.૧૧

આગામી તા.૧૩ સપ્ટેમ્બર–૨૦૨૪ શુક્રવારનાં રોજ ધારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે પ્રધાનમંત્રી એપ્રેન્ટીસ ભરતી તેમજ પ્લેસમેન્ટ મેળો યોજાશે. સવારે ૧૧ કલાકથી યોજાનાર આ કાર્યક્રમનો, આઈ.ટી.આઈ.નાં તમામ ટ્રેડ, ધો.૧૨ પાસ, સ્નાતક, ડિપ્લોમાં પાસઆઉટ તાલીમાર્થીઓને લાભ લેવા માટે ધારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાનાં આચાર્યએ એક યાદીમાં જણાવ્યું છે.

---

## બગસરા ખાતે આજે નારી સંમેલન યોજાશે

અમરેલી, તા.૧૧

મહિલાઓને નારી અદાલત અને નારી અદાલતનાં કાર્યો, મહિલા સશીકતકરણ અને મહિલા વિષયક યોજનાઓની વિગતો અને માર્ગદર્શન આપવાનાં હેતુથી, રાજય મહિલા આયોગ અને જિલ્લા વહીવટી તંત્ર, અમરેલીનાં સંયુકત ઉપક્રમે તા.૧૨ સપ્ટેમ્બર–૨૦૨૪ને ગુરૂવારના રોજ બગસરા ખાતે નારી સંમેલન યોજાશે. જિલ્લા પંચાયત ઉપપ્રમુખ અને મહાનુભાવો સહિતની ઉપસ્થિતિમાં બગસરા સ્થિત ગોકુલપરાનાં પટેલવાડી ખાતે બપોરે ૩:૦૦ કલાકે યોજાનાર 'નારીસંમેલન'માં વધુમાંવધુ મહિલાઓને જોડાવવા બગસરા આઈ.સી. ડી.એસ. ઘટકનાં સી.ડી.પી.ઓએ એક યાદીમાં અનુરોધ કરતા જણાવ્યું છે.

---

## લાઠીમાં તા. ૧૨ મીએ નારી સંમેલન યોજાશે

અમરેલી, તા. ૧૧

મહિલાઓને નારી અદાલત અને નારી અદાલતનાં કાર્યો, મહિલા સશીકતકરણ અને મહિલા વિષયક યોજનાઓની વિગતો અને માર્ગદર્શન આપવાનાં હેતુથી, રાજય મહિલા આયોગ અને જિલ્લા વહીવટી તંત્ર, અમરેલીનાં સંયુકત ઉપક્રમે તા.૧૨ સપ્ટેમ્બર–૨૦૨૪ને ગુરૂવારનાં રોજ લાઠી ખાતે નારી સંમેલનનું આયોજન છે. અમરેલી જિલ્લા પંચાયત સભ્ય શ્રીમતી શિલ્પાબેન તળાવિયાના અધ્યક્ષસ્થાને લાઠી તાલુકા શાળા ખાતે સવારે ૧૦:૩૦ વાગ્યે 'નારી સંમેલન' યોજાશે. મુખ્ય અતિથિ તરીકે સાંસદ ભરતભાઈ સુતરિયા, વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, લાઠી–બાબરા ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, સાવરકુંડલા–લીલીયાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ધારી–બગસરા–ખાંભાનાં ધારાસભ્ય જે.વી. કાકડીયા, રાજુલા–જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સહિતનાં મહાનુભાવો, પદાધિકારીઓ સહિતનાં ઉપસ્થિત રહેશે. તેમ બાળ વિકાસ યોજના અધિકારી લાઠીએ એક યાદીમાં જણાવ્યું છે.

---

### સંઘનાં અધ્યક્ષ મનિષ સંઘાણીની અધ્યક્ષતામાં

## અમરેલી : અમર ડેરી ખાતે બોર્ડ ઓફ ડાયરેકટરની બેઠક મળી

**બે ડાયરેકટરની વરણી કરવામાં આવી**



અમરેલી, તા. ૧૧

અમરેલી અમરડેરીના બોર્ડ ઓફ રૂમ ખાતે એન.સી.યુ.આઈ. અને ઈફકોના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણીની ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લા સહકારી સંઘની આગામી કાર્યક્રમોના આયોજન હેતું બેઠક મળી હતી જેના જિલ્લા કક્ષાની ખાલી પડેલ જગ્યા પર જયભાઈ મસરાણી અને ખાંભા તાલુકાની બેઠક પર અમરીશભાઈ જોષીની નિયુકિત કરવામાં આવેલ હતી. તેમજ ચેરમેન મનીષ સંઘાણી દ્વારા સહકારી પ્રવૃતિને વધુ ગતિ આપવા અને કામની વેંચણી કરવા માટે આ નવા ચુંટાયેલ બોર્ડમાં અલગ–અલગ કમિટી બનાવવા માટે રજુઆત કરી હતી જેમાં શિક્ષણ સહકારી કમિટી, કર્મચારી કમિટી, યુવા કમિટી અને મહિલા કમિટી જેવી વગેરે કમિટીઓ બનાવવા માટે નકકી કરવામાં આવેલ હતું જયાં મહિલા કમિટી અને યુવા કમિટીમાં જિલ્લા ભરમાંથી અલગ–અલગ તાલુકામાંથી એક સદસ્ય અને ૧૧ તાલુકાના અગિયાર અને ૪ મળી કુલ ૧૫ જણાની કમિટી બનાવવા માટે નકકી કરવામાં આવ્યું હતું. વધુમાં નવા ચુંટાયેલ અને નિયુકિત થયેલ બોર્ડ ઓફ ડાયરેકટરર્સને ઘોષણા પત્ર અને નિયુકિત પત્ર એનાયત કરવામાં આવેલ હતા. આ અવસરે ગુજરાત વિધાન સભાનાં મુખ્ય નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા, અમરડેરીનાં અધ્યક્ષ અશ્વિનભાઈ સાવલીયા ઉપસ્થિત રહયા હતા.


બાબરામાં મકાન વેચવાનું છે

બાબરામાં અતિ મોકાનું મકાન વેચવાનું છે
૮૦ વાર જગ્યામાં (ડુપ્લેક્સ મકાન) ઉપર બે રૂમ, રસોડું, ટોયલેટ, સ્ટોરરૂમ નીચે એક રૂમ, રસોડુ મોટું, સ્ટોર રૂમ તથા ટોયલેટ
રામજી મંદિર પાછળ, નવી વ્હોરા મસ્જિદ વાળી શેરીમાં – બાબરા
સંપર્ક : ૯૯૦૯૫ ૮૨૯૦૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



















### સેમિકોન ઈન્ડિયા ૨૦૨૪ને સંબોધતા પીએમ મોદી

# અમારું સપનું છે કે વિશ્વના દરેક ઈલેક્ટ્રોનિક્સમાં ભારતમાં બનેલી ચિપ લાગેલી હોય : વડાપ્રધાન

## દેશમાં સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે રોકાણ માટેની હાકલ કરી : સેમિકન્ડક્ટર આજે સૌ કોઈની જરૂરિયાત બની ગયું છે : મોદી

નવી દિલ્હી, તા.૧૧

સેમિકન્ડક્ટર આજે સૌ કોઈની જરૂરિયાત બની ગયું છે અને તે ભવિષ્યની સૌથી મહત્વપૂર્ણ જરૂરિયાતોમાંની એક બનવા જઈ રહ્યું છે. તેથી ભારત આ ક્ષેત્રમાં મોટી છલાંગ લગાવવા જઈ રહ્યું છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે આ અંગે મોટી જાહેરાત કરી છે. સેમિકોન ઈન્ડિયા ૨૦૨૪ને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે, અમારું સપનું છે કે વિશ્વના દરેક ઈલેક્ટ્રોનિક્સમાં ભારતમાં બનેલી ચિપ લાગેલી હોય. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, દેશમાં સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે રોકાણ માટેની હાકલ કરી હતી. તેમણે કહ્યું કે, જો ભારતને વૈશ્વિક પૂરવઠા શૃંખલામાં સ્થાન બનાવવું હોય તો તેના માટે સ્પર્ધાત્મક બનવું એક મહત્વપૂર્ણ શરત છે. પીએમ મોદીએ કહ્યું કે, આજે સેમિકન્ડક્ટર સ્માર્ટફોનથી લઈને ઈલેક્ટ્રિક વાહનો અને AI સુધી દરેક વસ્તુનો મુખ્ય આધાર છે.

સેમિકોન ઈન્ડિયા ૨૦૨૪માં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કોવિડ-૧૯ જેવી વૈશ્વિક મહામારીએ સેમિકન્ડકટર્સ અને તેમની સપ્લાય ચેઈનની જરૂરિયાત સામે લાવી છે. આપત્તિની આ ઘડીમાં, ભવિષ્યની ઉજ્જ્વળ તકની ઓળખ થઈ. તેથી, તેમણે ભવિષ્યમાં આને લગતા કોઈપણ વિક્ષેપને દૂર કરવા પગલાં લેવાની જરૂરિયાત નોંધી છે.

પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે સપ્લાય ચેઈનની સ્પર્ધાત્મકતા ખૂબ જ મહત્વપૂર્ણ છે. ભારત તેની અર્થવ્યવસ્થાના ઘણા ક્ષેત્રોમાં તેને વિકસાવવા માટે કામ કરી રહ્યું છે પીએમ મોદીએ કહ્યું કે ભારતની વર્તમાન સુધારાવાદી સરકાર આ દિશામાં ઝડપથી કામ કરી રહી છે.

આ માટે સરકારે સ્થિર નીતિઓ બનાવી છે. ભારત તેના માટે એક મોટું બજાર પણ છે અને બજારની વાત કરીએ તો સરકારે સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગમાં રોકાણ માટે મજબૂત આધાર તૈયાર કર્યો છે અને આ માટે ટેક્નોલોજીની મદદ લીધી છે.

આ અવસર પર પીએમ મોદીએ પોતાના એક સપનાની પણ વાત કરી. તેમણે કહ્યું, "અમારું સપનું છે કે વિશ્વના દરેક ઉપકરણમાં ભારતમાં બનેલી ચિપ હોય. અમે સેમિકન્ડક્ટર સેક્ટરમાં ભારતને વિશ્વ મહાસત્તા બનાવવા માટે તમામ શક્ય પ્રયાસો કરીશું."

તેમણે સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ સેક્ટરને પ્રોત્સાહન આપવા માટે તેમની સરકારના કાર્યકાળ દરમિયાન લેવામાં આવેલા પગલાઓની ચર્ચા કરી છે. દેશમાં ચિપ મેન્યુફેક્ચરિંગ માટે "થ્રી-ડી પાવર" ની વિભાવના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેમાં સુધારાવાદી સરકારની સ્થિર નીતિઓ, મજબૂત ઉત્પાદન આધાર અને મહત્વાકાંક્ષી બજાર દ્વારા ટેક્નોલોજી અપનાવવાનો સમાવેશ થાય છે. આજનુ ભારત વિશ્વમાં આત્મવિશ્વાસની પ્રેરણા આપે છે. જ્યારે સમય આવે છે, ત્યારે તમે ભારત પર વિશ્વાસ કરી શકો છો. તેમણે કહ્યું કે સેમિકન્ડક્ટર સેક્ટરમાં ૧.૫ લાખ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ થઈ ચૂક્યું છે અને હજુ ઘણાબધા પ્રોજેક્ટ્સ પાઈપલાઈનમાં છે.

### નવી યાદીમાં એક મહિલા રેસલરને પણ ટિકિટ આપી

# હરિયાણા ચૂંટણી માટે આપની ૨૧ ઉમેદવારની યાદી જાહેર

## જુલાના બેઠક પરથી કોંગ્રેસ ઉમેદવાર વિનેશ ફોગાટ સામે WWEની રેસલર કવિતા દલાલને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા

ચંદીગઢ, તા.૧૧

હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે આમ આદમી પાર્ટીએ ૨૧ ઉમેદવારોની ચોથી યાદી જાહેર કરી દીધી છે. આ ચૂંટણી માટે આમ આદમી પાર્ટી તરફથી કુલ ૬૧ ઉમેદવારોના નામ પર મહોર લાગી ગઈ છે. AAPએ પોતાની નવી યાદીમાં એક મહિલા રેસલરને પણ ટિકિટ આપી છે. જુલાના બેઠક પરથી કોંગ્રેસ ઉમેદવાર વિનેશ ફોગાટ સામે આમ આદમી પાર્ટીએ ઉઉઈની રેસલર કવિતા દલાલને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે.

આમ આદમી પાર્ટીએ અંબાલા કેન્ટથી રાજ કૌર ગિલ, યમુના નગરથી લલિત ત્યાગી, લાડવાથી જોગા સિંહ, કૈથલથી સતબીર ગોયત, કરનાલથી સુનિલ બિંદલ, પાણીપત ગ્રામીણથી સુખબીર મલિક, ગાનૌરથી સરોજ બાલા રાઠી, સોનીપતથી દેવેન્દ્ર ગૌતમ, ગોહાનાથી શિવકુમાર રંગીલા અને બરોદાથી સંદીપ મલિકને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે.

બીજી તરફ જુલાનાથી કવિતા દલાલ, સફીદોનથી નિશા દેશવા, તોહાનાથી સુખવિંદર સિંહ ગિલ, કાલાંવલીથી જસદેવ નિક્કા, સિરસાના શામ મહેતા, ઉકલાનાથી નરેન્દ્ર ઉકલાના, નારોંદથી રાજીવ પાલી, હંસીથી રાજેન્દ્ર સોરખી, હિસારથી સંજય સતરોદિયા, બાદલીથી હેપ્પી લોહચાબ અને ગુડગાંવ બેઠક પરથી નિશાંત આનંદને ટિકિટ આપવામાં આવી છે. તમને જણાવી દઈએ કે હરિયાણા વિધાનસભા માટે ૫ ઓક્ટોબરના રોજ મતદાન થશે અને ૮ ઓક્ટોબરના રોજ પરિણામ જાહેર કરવામાં આવશે. આમ આદમી પાર્ટીએ અત્યાર સુધી ૬૧ બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. એક દિવસ પહેલા મંગળવારે પાર્ટીએ ત્રીજી યાદી બહાર પાડી હતી. જેમાં ૧૧ નામો ફાઈનલ કરવામાં આવ્યા હતા. જ્યારે પ્રથમ યાદીમાં ૨૦ નામો અને બીજી યાદીમાં ૯ નામો ફાઈનલ કરવામાં આવ્યા હતા. આ સાથે જ હરિયાણાની કુલ ૯૦ વિધાનસભા બેઠકોમાંથી ૬૧ બેઠક પર ઉમેદવારો ઉતારી દેવામાં આવ્યા છે. હવે પાર્ટીને ૨૯ બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરવાની બાકી છે.

### કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યો પ્લાન

# હવે ઈન્ટરનેટ સુપર સ્પીડથી ચાલશે : જ્યોતિરાદિત્ય સિંધિયા

## સિંધિયાએ કહ્યું કે માત્ર ટેક્નોલોજીનો અમલ કરવો જ નહીં પરંતુ સ્વદેશી ટેક્નોલોજીની ડિઝાઈન અને વિકાસ પણ મહત્વપૂર્ણ છે

નવી દિલ્હી, તા.૧૧

કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાએ બુધવારે જણાવ્યું હતું કે ભારતની પોતાની 4G ટેક્નોલોજી ઈન્ફ્રા (સ્ટેક) ૨૦૨૫ના મધ્ય સુધીમાં સ્થાપિત થઈ જશે. સિંધિયાએ AIMA નેશનલ મેનેજમેન્ટ કોન્ફરન્સની ૫૧મી આવૃત્તિમાં દેશ અને સરકાર માટે ત્રણ મુખ્ય લક્ષ્યોને પણ રેખાંકિત કર્યા. તેમણે કહ્યું કે પ્રથમ વખત, ભારતે પોતાનું 4G ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવ્યું છે, જે આવતા વર્ષના મધ્ય સુધીમાં સ્થાપિત થઈ જશે.સિંધિયાએ કહ્યું કે માત્ર ટેક્નોલોજીનો અમલ કરવો જ નહીં પરંતુ સ્વદેશી ટેક્નોલોજીની ડિઝાઈન અને વિકાસ પણ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે અમે પોતાના માટે ત્રણ લક્ષ્યો નક્કી કર્યા છે. પ્રથમ ધ્યેય સંપૂર્ણતાની ખાતરી કરવાનો છે. આપણા દેશનો દરેક હિસ્સો ડિજિટલ ટેક્નોલોજીથી જોડાયેલ હોવો જોઈએ. દરેક વ્યક્તિ ડિજિટલ ક્રાંતિ દ્વારા દરેક તકનો લાભ ઉઠાવવા સક્ષમ હોવી જોઈએ. સિંધિયાએ કહ્યું કે ભારતે દેશભરમાં લગભગ સાડા ચાર લાખ ટાવર લગાવ્યા છે.સરકારે લગભગ ૨૦,૦૦૦ વધુ ટાવર સ્થાપિત કરવા માટે પ્રતિબદ્ધ છે અને આ પહેલ માટે ૪૪,૦૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે.

તેમણે કહ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના મધ્ય સુધીમાં આપણે આપણા દેશમાં ૧૦૦ટકા પૂર્ણ થવાનો લક્ષ્યાંક હાંસલ કરી લઈશું. મોદીએ કહ્યું કે બીજો ધ્યેય મેકઈન ઈન્ડિયા પર ભાર આપવાનો છે અને ટેલિકોમ ઈક્વિપમેન્ટ સેક્ટરમાં પણ એ જ બદલાવ લાવવો પડશે. તેમણે કહ્યું કે ત્રીજું ધ્યેય એ સુનિશ્ચિત કરવાનું છે કે ભારત પાસે ભવિષ્ય લક્ષી ટેક્નોલોજી છે, આપણા માટે નવી ટેક્નોલોજી અપનાવવી મહત્વપૂર્ણ છે, પરંતુ નવી ટેક્નોલોજીના ઉત્પાદન માટે અમારી ક્ષમતાઓનો ઉપયોગ કરવો પણ અમારા માટે મહત્વપૂર્ણ છે.સિંધિયાએ પોસ્ટ ઓફિસ એક્ટ અને નવા ટેલિકોમ એક્ટ વિશે પણ વાત કરી અને પરિવર્તનશીલ ફેરફારોનું વચન આપ્યું. તેમણે કહ્યું કે સિંધિયાએ કહ્યું કે હું તમને બધાને વચન આપું છું કે આ વર્ષના ડિસેમ્બર સુધીમાં, બંને વિભાગો દ્વારા ખૂબ જ પારદર્શક, દૂરંદેશીવાળી નિયમ પ્રણાલી લાગુ કરવામાં આવશે જે અમારા ક્ષેત્રમાં એક નવું પરિવર્તન લાવશે.

### સમગ્ર ઉત્તર ભારતમાં ચોમાસું ફરીથી એક્ટિવ

# ગુજરાત સહિત ૧૩ રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી

## મધ્ય પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી, રાજસ્થાન, યુપી, ગુજરાત, ગોવા, મહારાષ્ટ્ર, તેલંગણા, કર્ણાટકમાં ભારે વરસાદ વરસી શકે

નવી દિલ્હી, તા.૧૧

દિલ્હી એનસીઆર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં ચોમાસું ફરીથી એક્ટિવ થઈ ગયું છે. જેના કારણે દેશના મોટાભાગના રાજ્યોમાં ફરીથી વરસાદનો દોર પણ શરૂ થયો છે. વરસાદના કારણે દિલ્હીના લોકોને ગરમીથી રાહત મળી છે. કેટલાક રાજ્યોમાં વરસાદના કારણે હાલ બેહાલ છે. હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભારે વરસાદના કારણે લેન્ડસ્લાઈડનું જોખમ યથાવત છે. આ બધા વચ્ચે હવામાન વિભાગે દેશના અનેક રાજ્યોમાં વરસાદને લઈને એલર્ટ જાહેર કર્યું છે. જાણો દેશમાં કેવું રહેશે આજે હવામાન.

હવામાન વિભાગે આજે ૧૩ રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. આગાહી મુજબ આજે મધ્ય પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી, રાજસ્થાન, યુપી, ગુજરાત, ગોવા, મહારાષ્ટ્ર, તેલંગણા, કર્ણાટક, અસમ, હરિયાણા સહિત ૧૩ રાજ્યોમાં ભારે વરસાદ વરસી શકે છે. મધ્ય પ્રદેશમાં વરસાદનો દોર ચાલુ છે. હવામાન વિભાગે આગામી ૩-૪ દિવસમાં ભારે વરસાદની શક્યતા જતાવી છે. મંગળવારે પણ ભોપાલ સહિત અનેક જિલ્લાઓમાં વરસાદ પડ્યો. ૬થી વધુ બંધના ગેટ ખોલાયા છે. નર્મદાનું જળસ્તર વધ્યું છે. યુપીમાં આગામી ૩ દિવસ સુધી ભારે વરસાદનું એલર્ટ અપાયું છે. યુપીના ઝાંસી, લલિતપુર, અને મહોબામાં વીજળી પડવાથી મંગળવારે ૩ ખેડૂતોએ જીવ પણ ગુમાવ્યા. બીજી બાજુ ઓડિશામાં મંગળવારે અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ પડ્યો. એનડીઆરએફની ટીમોએ ૨ હજારથી વધુ લોકોનું રેસ્ક્યુ કર્યું છે. ઓડિશાના મલકાનગિરી, ગંજામ, અને કોરાપુટ જિલ્લાઓમાં અનેક રસ્તાઓ ધોવાઈ ગયા. રાજસ્થાનમાં પણ ભારે વરસાદના કારણે હાલત ખરાબ છે. આગામી કેટલાક દિવસસુધી રાહતની આશા ઓછી છે. હવામાન વિભાગે ૪-૫ દિવસ સુધી ભારે વરસાદની આગાહી કરી છે. બંગાળની ખાડીમાં બનેલા ઓછા દબાણના ક્ષેત્રના કારણે અનેક જિલ્લાઓમાં વરસાદ પડવાની શક્યતા છે.આગામી ૨ દિવસ રાજ્યમાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમા અતિભરે વરસાદની આગાહી કરાઈ છે. અમદાવાદ અને ગાંધીનગરમાં મધ્યમ વરસાદની આગાહી કરાઈ છે. ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય હોવાથી ભારે વરસાદની આગાહી. ઓફ શૉર ટ્રફ, સાયક્લોનિક સર્ક્યુલેશન અને ડિપ્રેશનના કારણે વરસાદની આગાહી કરવામાં આવી છે.

### સેમસંગ કંપનીની મુશ્કેલીઓ વધી

# ભારતમાં સેમસંગના ૨૦% કર્મીની છટણી કરવાની તૈયારી

## સેલ્સ, માર્કેટિંગ, ઓપરેશન્સમાં છટણીનો માર પડી શકે

મુંબઈ, તા.૧૧

સેમસંગ ભારતીય બજારમાં ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. તેના વેચાણમાં ઘટાડો થયો છે અને તે દસ વર્ષમાં તેની સૌથી નબળી સ્થિતિમાં છે. હવે તેની અસર સેમસંગના કર્મચારીઓ પર પડશે અને કંપનીએ છટણી કરવાનો નિર્ણય લીધો છે આ માહિતી સૂત્રો પાસેથી મળી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સેલ્સ, માર્કેટિંગ અને ઓપરેશન્સમાં કર્મચારીઓને છટણીનો માર પડી શકે છે. એક સૂત્રએ તો એમ પણ કહ્યું કે ભારતમાં તેના ૨૦ ટકા જેટલા કર્મચારીઓને છૂટા કરવામાં આવી શકે છે. પ્રાપ્ત માહિતી મુજબ સેમસંગના સ્માર્ટફોન, કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ અને હોમ એપ્લાયન્સ બિઝનેસનું માળખું બદલાઈ રહ્યું છે. આ કારણે કંપનીના કેટલાક મુખ્ય અધિકારીઓ પણ વિદાય લઈ શકે છે. કંપનીએ અત્યારે ભરતી કરવાનું બંધ કરી દીધું છે અને એક્ઝિક્યુટિવ્સની ખાલી જગ્યાઓ પર ભરતી કરવામાં આવી રહી નથી. સૂત્રના જણાવ્યા અનુસાર, સેમસંગ ઓફ-રોલ કર્મચારીઓની સંખ્યામાં પણ ઘટાડો કરી શકે છે.

આ એવા સમયે થઈ રહ્યું છે જ્યારે ચેન્નાઈમાં સ્થિત કંપનીની મેન્યુફેક્ચરિંગ ફેક્ટરીમાં કામદારો અનિશ્ચિત સમયની હડતાળ પર છે અને તેનો ત્રીજો દિવસ છે. આ હડતાળને કારણે તહેવારોની સિઝન પહેલા ટીવી, રેફ્રિજરેટર અને વોશિંગ મશીનના ઉત્પાદનને અસર થઈ રહી છે. સૂત્રના જણાવ્યા અનુસાર, સેમસંગના મેનેજમેન્ટે પરિસ્થિતિ અને પુનર્ગઠન અંગે ચર્ચા કરવા માટે ભારતીય ટીમને દક્ષિણ કોરિયા બોલાવી છે.

ગયા વર્ષે, ડિસેમ્બર ૨૦૨૨ ક્વાર્ટરમાં Xiaomi ને પછાડીને સેમસંગ ફરી એકવાર ૨૦૨૩ માં ભારતની સૌથી મોટી સ્માર્ટફોન કંપની રહી. જોકે, માર્કેટ રિસર્ચ ફર્મ IDC, કાઉન્ટરપોઈન્ટ અને કેનાલિસના જણાવ્યા અનુસાર, સેમસંગ એપ્રિલ-જૂન ૨૦૨૪ ક્વાર્ટરમાં વોલ્યુમની દ્રષ્ટિએ ત્રીજા સ્થાને સરકી ગઈ છે. આ સમયગાળા દરમિયાન સેમસંગના સ્માર્ટફોન શિપમેન્ટમાં ૧૫.૪ ટકાનો ઘટાડો થયો હતો, તેનો સતત ત્રીજો ત્રિમાસિક ઘટાડો થયો હતો અને તેનો વોલ્યુમ માર્કેટ શેર ઘટીને ૧૨.૯ ટકા થયો હતો. આને કારણે, IDC ડેટા અનુસાર ત્રિમાસિક ધોરણે મૂલ્ય બજાર હિસ્સો પણ ૨૩ ટકાથી ઘટીને ૧૬ ટકા થયો છે, જે એક વર્ષ અગાઉ ૨૧ ટકા હતો.

Xiaomi અને Vivo જેવી બ્રાન્ડ્સની આક્રમક સ્પર્ધા અને ઑફલાઈન રિટેલર્સ સાથેના વિવાદો તેમજ કંપનીમાંથી મુખ્ય સેલ્સ અને માર્કેટિંગ એક્ઝિક્યુટિવ્સની વિદાયને કારણે સેમસંગની મુશ્કેલીઓ વધી ગઈ છે. છેલ્લા કેટલાક ત્રિમાસિક ગાળામાં, રિટેલ, માર્કેટિંગ અને બિઝનેસ ડેવલપમેન્ટ ભૂમિકાઓમાં ૩૦ થી વધુ વરિષ્ઠ સેમસંગ એક્ઝિક્યુટિવ્સે કંપની છોડી દીધી છે, જેમાં ઘણા હરીફો તરફ ગયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં વધુ ઘણા અધિકારીઓ કંપની છોડી શકે છે. તે જ સમયે, ઑફલાઈન રિટેલર્સ સાથેના વિવાદનું કારણ ઑનલાઈન અને ઑફલાઈન સ્ટોર્સ વચ્ચેના ભાવમાં મોટો તફાવત, ચાઈનીઝ સ્માર્ટફોન કંપનીઓની તુલનામાં ઓછો નફો માર્જિન અને લોકપ્રિય મોડલ્સની સ્ટોક ઉપલબ્ધતાની અનિશ્ચિતતા છે.

### ઈલ્હાન ઉમર અમેરિકાનો વિવાદાસ્પદ ચહેરો

# રાહુલ ગાંધીની ઈલ્હાન ઓમર સાથેની મુલાકાતે સર્જ્યો વિવાદ

## રાહુલ ગાંધીની આ બેઠક પર ભાજપે સવાલો ઉઠાવ્યા

વોશિંગ્ટન, તા.૧૧

અમેરિકાના પ્રવાસે ગયેલા કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ મંગળવારે યુએસ કોંગ્રેસના સભ્યો અને બિડેન પ્રશાસનના અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. રાહુલની આ બેઠક વોશિંગ્ટન ડીસીમાં થઈ હતી. આ દરમિયાન ઈલ્હાન ઉમર પણ હાજર હતો. ભારતીય જનતા પાર્ટીએ રાહુલની ઈલ્હાન સાથેની મુલાકાત પર સવાલ ઉઠાવ્યા છે.

ઈલ્હાન ઉમર અમેરિકાનો વિવાદાસ્પદ ચહેરો રહ્યો છે. તે મોદી સરકારની ઘણી નીતિઓ સામે ખુલ્લેઆમ બોલી ચૂકી છે. તેમણે કલમ ૩૭૦ના મુદ્દે સરકારની ટીકા કરી હતી. બીજેપીના પ્રવકતા શહેઝાદ પૂનાવાલાએ કહ્યું છે કે શીખ વિરોધી, અનામત વિરોધી નિવેદનો આપ્યા બાદ અને વિદેશી ધરતી પરથી ભારતીય સંસ્થાઓ પર સવાલો ઉઠાવ્યા બાદ રાહુલ ગાંધી હવે એક પક્ષનો વિરોધ કરતી વખતે ભારત વિરોધી તત્વોને મળી રહ્યા છે. આવું પહેલીવાર નથી થઈ રહ્યું.

શહેઝાદ પૂનાવાલાએ વધુમાં જણાવ્યું હતું કે ઈલ્હાન ઉમર ઈમરાન ખાનને મળ્યો હતો અને ભારતમાં ઈસ્લામોફોબિયા વિશે ચર્ચા કરી હતી, જ્યારે ભારતે કલમ ૩૭૦ હટાવી ત્યારે તેણે ભારત વિરુદ્ધ વાત કરી હતી અને ઈલ્હાન ઉમરે હિંદુઓ વિરુદ્ધ નફરત ફેલાવી હતી. રાહુલ ગાંધીની શું મજબૂરી છે, તેમની સત્તાની શું ઈચ્છા છે કે તેઓ આવી રાષ્ટ્રવિરોધી શક્તિઓને મળી રહ્યા છે.

રાહુલ ગાંધી રવિવારે અમેરિકા પહોંચ્યા હતા. તેમની મુલાકાત ત્રણ દિવસની છે. કોંગ્રેસના નેતાએ કહ્યું કે તેઓ આ મુલાકાત દરમિયાન અર્થપૂર્ણ ચર્ચાઓ અને વ્યવહારિક ક્રિયાપ્રતિક્રિયામાં જોડાવા માટે આતુર છે જે ભારત અને યુએસ વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવશે. લોકસભામાં વિપક્ષના નેતા બન્યા બાદ રાહુલ ગાંધીની આ પ્રથમ યુએસ મુલાકાત છે.

ઈલ્હાન ઉમર અમેરિકામાં એક વિવાદાસ્પદ ચહેરો છે. તે ઘણીવાર પોતાના નિવેદનોને કારણે મુશ્કેલીમાં મુકાઈ છે. તેને ભારતના મામલામાં દખલ કરવાની આદત છે. ભારત અને કેનેડા વચ્ચેના રાજદ્વારી તણાવ પર તેણે ઘણી વખત નવી દિલ્હીને ગુસ્સે કરી છે, ઓમરે કહ્યું હતું કે શીખ અલગતાવાદી નેતા હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતની કથિત ભૂમિકાની તપાસને અમેરિકાએ સંપૂર્ણ સમર્થન આપવું જોઈએ. ઈલ્હાન ઉમરે જાન્યુઆરી ૨૦૧૯માં કાર્યભાર સંભાળ્યો હતો. તેનો જન્મ સોમાલિયામાં થયો હતો. ગૃહયુદ્ધને કારણે તેમનો પરિવાર સોમાલિયાથી અમેરિકા શિફ્ટ થયો હતો.

૧૯૯૦ ના દાયકામાં યુએસમાં સ્થળાંતર કરતા પહેલા તેમના પરિવારે કેન્યાના શરણાર્થી શિબિરમાં ચાર વર્ષ ગાળ્યા હતા. ૧૯૯૭ માં, તેમનો પરિવાર અમેરિકાના મિનેપોલિસમાં સ્થાયી થયો. ઈલ્હાન ઓમર મિનેસોટાના ૫મા કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટનું પ્રતિનિધિત્વ કરે છે. ઓમર યુએસ કોંગ્રેસમાં પ્રથમ સોમાલી અમેરિકન છે અને મિનેસોટાનું પ્રતિનિધિત્વ કરનાર પ્રથમ બિન-બ્લેક મહિલા છે. યુએસ કોંગ્રેસમાં ચૂંટાયેલી પ્રથમ બે મુસ્લિમ મહિલાઓમાં તે એક છે. તે અમેરિકામાં તેના ઈઝરાયેલ વિરોધી વલણ માટે જાણીતી છે. ઈલ્હાન ડેમોક્રેટિક પાર્ટીની ડાબી પાંખના સભ્ય છે. તે યહૂદીઓ પ્રત્યે તેના દ્વેષપૂર્ણ નિવેદનો માટે નિશાના હેઠળ આવી

### SCએ દહેજ ઉત્પીડન કાયદા પર ચિંતા વ્યક્ત કરી

# એક દિવસનું લગ્ન જીવન અને ૫૦ લાખની ખાધાખોરાકી

## હું ખુલ્લેઆમ કહું છું કે ઘરેલુ હિંસા અને દહેજ ઉત્પીડન સંબંધિત કાયદાનો સૌથી વધુ દુરુપયોગ થાય છે : કોર્ટ

નવી દિલ્હી,તા.૧૧

કલમ ૪૯૮છ, જે દહેજ ઉત્પીડન અને ઘરેલુ હિંસાના મામલાઓ સાથે સંકળાયેલી છે. તે દેશમાં સૌથી વધુ દુરુપયોગ થતો કાયદો છે. સુપ્રીમ કોર્ટે બુધવારે આ વાત કહી. જસ્ટિસ બીઆર ગવઈ, જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રા અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની બેન્ચે લગ્ન સંબંધી કેસમાં વિવાદની સુનાવણી દરમિયાન આ વાત કહી. જસ્ટિસ ગવઈએ ભરણપોષણના મુદ્દા પર સુનાવણી કરતા કહ્યું કે આવા કેસમાં સૌથી સારી બાબત એ છે કે આઝાદી મળે. તેમની ટિપ્પણી પર વિસ્તૃત રીતે, જસ્ટિસ ગવઈએ એક કેસ પણ યાદ કર્યો.તેમણે કહ્યું કે એક એવો કિસ્સો હતો જ્યારે પતિ તેની પત્ની સાથે એક દિવસ પણ ન રહ્યો. પરંતુ જ્યારે તેઓ અલગ થયા, ત્યારે તેણે તેની પત્નીને ૫૦ લાખ રૂપિયા આપવાના હતા. જસ્ટિસ ગવઈએ કહ્યું, 'મેં નાગપુરમાં એક કેસ જોયો હતો. એવામાં યુવક અમેરિકા જઈને સ્થાયી થયો હતો. તેમના લગ્ન એક દિવસ પણ ટકી શક્યા નહોતા, પરંતુ કેસ પેન્ડિંગ હોવાથી તેણે પત્નીએ ૫૦ લાખ રૂપિયા ચૂકવવા પડ્યા હતા. હું ખુલ્લેઆમ કહું છું કે ઘરેલુ હિંસા અને દહેજ ઉત્પીડન સંબંધિત કાયદાનો સૌથી વધુ દુરુપયોગ થાય છે. કદાચ તમે લોકો મારી સાથે સહમત થશો.

ફઢઢચ,-ફચજી;ળચ; દ ફઢઢચ,ન્ડ્ર !ઢદ૦)દઢ૦ઢઈપરાહુલે વોશિંગ્ટન ડીસીથી ભાજપ પર પ્રહારો કર્યાનવી દિલ્હી, તા.૧૧

કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ મંગળવારે મોડી રાત્રે વોશિંગ્ટન ડીસીમાં કહ્યું, "લોકસભામાં વિપક્ષના નેતા બનવું એ મારા અગાઉના કામનું વિસ્તરણ છે. ભારતમાં કોંગ્રેસ અને અમારી વચ્ચે વૈચારિક યુદ્ધ ચાલી રહ્યું છે. બીજેપી અને આરએસએસ સાથેના આ બે સંપૂર્ણપણે અલગ દ્રષ્ટિકોણ છે.ભારતમાં, બધી કલ્પનાઓને મુક્તપણે ખીલવાની તક મળવી જોઈએ, જ્યાં તમે કયા ધર્મનું પાલન કરો છો, તમે કયા સમુદાયના છો અથવા તમે કઈ ભાષા બોલો છો તેના આધારે તમારા પર જુલમ નથી થતો. બીજી

### કેન્દ્રિય મંત્રી અમિત શાહના આકરા પ્રહારા

# અનામત અંગે રાહુલનો અસલી ચહેરો સામે આવ્યો

## અમેરિકામાં અનામતને લઈને રાહુલ ગાંધીએ આપેલા નિવેદનથી ભારતીય રાજકારણમાં હલચલ મચી ગઈ

નવી દિલ્હી,તા.૧૧

અમેરિકામાં અનામતને લઈને રાહુલ ગાંધીએ આપેલા નિવેદનથી ભારતીય રાજકારણમાં હલચલ મચી ગઈ છે. ક્વોટા અંગેના એક પ્રશ્નના જવાબમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, "કોંગ્રેસ યોગ્ય સમયે અનામત ખતમ કરવા અંગે વિચારશે." તેમના આ જવાબને લઈને વિવાદ ઊભો થઈ ગયો છે અને જેના પર હવે ગૃહમંત્રી અમિત શાહે આકરા પ્રહારો કર્યા છે. અમિત શાહે કહ્યું છે કે, "અનામત ખતમ કરવાની વાત કરીને રાહુલ ગાંધીએ ફરી એકવાર કોંગ્રેસનો અનામત વિરોધી ચહેરો સામે આવ્યો છે. રાહુલ ગાંધીનું નિવેદન કોંગ્રેસની પ્રાદેશિકતા, ધર્મ અને ભાષાના આધારે ભાગલા પાડવાની રાજનીતિનો પર્દાફાશ થયો છે. ગૃહમંત્રી અમિત શાહે એક્સ(ટ્વિટર) પર પોતાનો અભિપ્રાય વિગતવાર લખ્યો છે. તેમણે લખ્યું છે કે, 'રાહુલ ગાંધી અને કોંગ્રેસ પાર્ટીની આદત બની ગઈ છે કે દેશ વિરોધી વાતો કરવી અને દેશને તોડવાની કોશિશ કરી રહેલી શક્તિઓ સાથે ઊભા રહેવું. જમ્મુ અને કાશ્મીરમાં JKNCના રાષ્ટ્રવિરોધી અને અનામત વિરોધી એજન્ડાને સમર્થન આપવું હોય કે વિદેશી મંચો પર ભારત વિરોધી બોલવું હોય, રાહુલ ગાંધીએ હંમેશા દેશની સુરક્ષા અને ભાવનાઓને ઠેસ પહોંચાડી છે. ભાષાથી ભાષા, પ્રદેશથી પ્રદેશ અને ધર્મથી ધર્મના ભેદભાવની વાત રાહુલ ગાંધીની વિભાજનકારી વિચારસરણી દર્શાવે છે.અમિત શાહે આગળ લખ્યું કે, 'રાહુલ ગાંધીએ દેશમાંથી અનામત ખતમ કરવાની વાત કહીને કોંગ્રેસનો અનામત વિરોધી ચહેરો ફરી એકવાર દેશની સામે લાવી દીધો છે. મનમાં રહેલા વિચારો હંમેશા કોઈને કોઈ માધ્યમથી બહાર આવે છે. હું રાહુલ ગાંધીને કહેવા માંગુ છું કે જ્યાં સુધી ભાજપ છે ત્યાં સુધી અનામતને કોઈ સ્પર્શી શકશે નહીં અને દેશની એકતાને કોઈ હાનિ નહીં પહોંચાડી શકે.

અમિત શાહે વધુમાં કહ્યું કે, "જમ્મુ-કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સના રાષ્ટ્રવિરોધી એજન્ડાને સમર્થનની વાત હોય કે વિદેશમાં ભારત વિરોધી ટીપ્પણી કરવી હોય, રાહુલે દેશની સુરક્ષાને જોખમમાં મુકી છે. ભારતના ભાગલા પાડવાનું ષડયંત્ર રચી રહેલી શક્તિઓની સાથે ઉભા રહેવું અને રાષ્ટ્ર વિરોધી નિવેદનો કરવા એ રાહુલ ગાંધી અને કોંગ્રેસની આદત બની ગઈ છે." એક પ્રશ્નના જવાબમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, ભારતમાં અનામત ખતમ કરવાનો આ યોગ્ય સમય નથી. અમે તેના વિશે ત્યારે વિચારીશું, જ્યારે ભારત એક સારું સ્થાન બની જશે." જ્યોર્જટાઉન યૂનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે વાતચીત દરમિયાન તેમણે કહ્યું કે, " ભારતમાં જ્યારે સ્થિતિ સારી થશે અને દરેક સુધી તેમના અધિકારો પહોંચશે, ત્યારે આ વાત પર વિચારી કરી શકાશે. અનામતને લઈને રાહુલ ગાંધીના આ નિવેદન પર BSP ચીફ માયાવતીનું નિવેદન પણ બહાર આવ્યું છે. તેમણે કહ્યું છે કે, કોંગ્રેસ ક્યારેય દલિતો અને OBCને અનામત આપવાના પક્ષમાં નથી. કોંગ્રેસની UPA સરકારે જ પ્રમોશનમાં અનામત આપવાનું બંધ કર્યું અને હવે જાતિ ગણતરી માટે પણ તેની પાસેથી અપેક્ષા રાખી શકાય તેમ નથી.

# ૩.૪૫ લાખના ખર્ચે નવનિર્માણ થયેલ ધામેલ પ્રાથમિક શાળાનું ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદ હસ્તે લોકાર્પણ







હાલ ગુજરાત સરકાર દ્વારા બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે તેવા ઉમદા હેતુથી સમગ્ર રાજયમાં શિક્ષણ વિભાગ દ્વારા તે આધુનિક અને ડિજિટલ ટેકનોલોજીથી શૈક્ષણિક કાર્ય થાય તે માટે શાળાઓના નવા બિલ્ડીંગ, ડિજિટલ સાઈન બોર્ડ કોમ્પ્યુટર શિક્ષણ મળી રહે તે માટે કોમ્પ્યુટર લેબ વિગેરે માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી રહી છે ત્યારે અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ધામેલ ગામે જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત ધામેલ પ્રાથમિક શાળા માટે સરકારના શિક્ષણ વિભાગ દ્વારા અંદાજે ૪૫ લાખના ખર્ચે નવું બિલ્ડીંગ જેમાં ૩ રૂમો તેમજ પ્લે એરિયા બનાવવામાં આવેલ આ નવનિર્મિત થયેલ બિલ્ડીંગ સાથે શાળામાં બાળકોને ડિજિટલ અને ટેકનોલોજી વાળું શિક્ષણ મળી રહે તે માટે સુવિધા સભર બિલ્ડિંગ સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવેલ છે આ નવનિર્માણ પામેલ અત્યાધુનિક સુવિધા સભર બિલ્ડીંગનું લોકાર્પણ લોકપ્રિય અને સતત પ્રયત્નશીલ લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદહસ્તે કરવામાં આવેલ હતું આ ધામેલ પ્રાથમિક શાળાના નવનિર્મિત થયેલ બિલ્ડીંગના લોકાર્પણ પ્રસંગે મહાનુભાવો તેમજ ઉદ્યોગપતિની પણ વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ લોકાર્પણ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવિયા દ્વારા જણાવવામાં આવેલ કે શિક્ષણ એ પાયો છે જેમ કોઈ ઈમારતને ઉભી કરવા માટે પાયો મજબૂત જોઈએ તેમ બાળકને ઘડવા માટે શિક્ષણ આપવું એ બાળકના ઘડતરનો પાયો છે બાળકને શ્રેષ્ઠ શિક્ષણ મળી રહીને માટે અને વિદ્યાર્થીઓ માટે શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે અને આધુનિક સુવિધાઓ સભર શાળાઓ બને અને પ્રાથમિક શિક્ષણથી જ ટેકનોલોજી વાળું શિક્ષણ મળી રહે તે માટે કોમ્પ્યુટર વગેરે સુવિધાઓ સભર શિક્ષણ મળી રહે તે માટે આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાત રાજયના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અથાગ પ્રયત્નો કરી રહ્યાં છે ધામેલ પ્રાથમિક શાળના લોકાર્પણ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેન પ્રતિનિધિ ભીખાભાઈ ધોરાજીયા, તાલુકા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેન નરેશભાઈ ડોંડાં, ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ, વહીવટદાર, તાલુકા શિક્ષણ વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, પ્રાથમિક શાળાના આચાર્ય, શાળાનો સમગ્ર શિક્ષકસ્ટાફ, ગામના આગેવાનો, ઉદ્યોગપતિ, શાળાના બાળકો સહિત ગ્રામજનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા ધામેલ પ્રાથમિક શાળાના આચાર્ય તેમજ શાળાના સમગ્ર સ્ટાફ દ્વારા ભારે રહેમત ઉઠાવવામાં આવી હતી.

### PNB કૌભાંડ કેસમાં EDની મોટી કાર્યવાહી

## ભાગેડુ નીરવ મોદીની ૨૯ કરોડની સંપત્તિ જપ્ત કરાઈ

### આ પહેલા પણ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ નીરવ મોદી અને તેની ૨૫૯૬ કરોડ રૂપિયાની મિલકતો જપ્ત કરી ચૂકી છે

નવી દિલ્હી, તા.૧૧

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ બુધવારે મની લોન્ડરિંગ કેસમાં ભાગેડુ નીરવ મોદીની ૨૯.૭૫ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે. PNB બેંક કૌભાંડ કેસમાં ભાગેડુ નીરવ મોદી વિરુદ્ધ ઈડીએ આ કાર્યવાહી કરી છે. ૬૪૯૮ કરોડના આ બેંક ફ્રોડ કેસમાં EDએ CBI FIR પર ECIR નોંધીને તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન EDને નીરવ મોદી અને તેના ગ્રૂપ ઓફ કંપનીઓની કરોડોની કિંમતની જમીન અને બેંક ખાતાની જાણકારી મળી હતી.

આ પહેલા પણ ED નીરવ મોદી અને તેની ૨૫૯૬ કરોડ રૂપિયાની મિલકતો જપ્ત કરી ચૂકી છે. EDએ CBI, BS અને FC બ્રાન્ચ, મુંબઈ દ્વારા નોંધાયેલી FIRના આધારે ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ની કલમો હેઠળ PNB બેંક છેતરપિંડીના કેસમાં તપાસ શરૂ કરી છે. ભારતમાં નીરવ મોદી અને તેની કંપનીઓની માલિકીના રૂ. ૨૯.૭૫ કરોડની ઓળખ જમીન અને ઈમારતો અને બેંક ખાતાઓમાં પડેલા નાણાં તરીકે કરવામાં આવી હતી, જે મની લોન્ડરિંગ કેસમાં જપ્ત કરવામાં આવી છે. ED દ્વારા PMLA, ૨૦૦૨ હેઠળ સ્પેશિયલ કોર્ટ સમક્ષ નીરવ મોદી અને સંબંધિત સંસ્થાઓ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ સાથે ધરપકડ કરાયેલા ભાગેડુ નીરવ મોદી સામે પ્રત્યાર્પણની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને તે લંડન, યુકેમાં ચાલી રહી છે. આ વર્ષની શરૂઆતમાં નીરવ મોદીએ યુકેની કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી અને યુકેની કોર્ટે સાતમી વખત તેના જામીન ફગાવી દીધા હતા. જામીનના આદેશ સામે નીરવ મોદીએ યુકે હાઈકોર્ટ સમક્ષ અપીલ દાખલ કરી હતી, જે બાદમાં પાછી ખેંચી લેવામાં આવી હતી.

હાલમાં તે બ્રિટિશ જેલમાં બંધ છે અને વધુ તપાસ ચાલી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ભારત સરકાર દ્વારા નીરવ મોદીને ભારત પ્રત્યાર્પણ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, જેથી ભારતીય કાયદા મુજબ કૌભાંડો માટે તેની સામે કાનૂની કાર્યવાહી થઈ શકે. આ કેસમાં ભારત સરકારે બ્રિટિશ સરકારને પ્રત્યાર્પણ માટે અપીલ પણ કરી હતી.

### ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

## વરસાદના કારણે શાકભાજી થયું મોંઘુ, બે થી ત્રણ ગણો ભાવ વધારો થયો

### શાકભાજીના ભાવ આગામી દિવસોમાં વધે તેવી શક્યતા

સુરત, તા.૧૧

અલગ અલગ રાજયમાં અવિરતપણે પડી રહેલા વરસાદના કારણે ખેતરોમાં રહેલા શાકભાજીના પાકને ભારે નુકસાન થતાં ઉત્પાદનમાં પણ ઘટાડો થયો છે. જેની સીધી અસર શાકભાજીના ભાવો પર પડતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયું છે. શાકભાજીના ભાવ આગામી દિવસોમાં વધે તેવી શક્યતા વેપારીઓ વ્યક્ત કરી છે. જોકે વરસાદ પૂરો થયા બાદ પરિસ્થિતિ નિયંત્રણમાં આવે તેવી આશા વેપારીઓએ સેવી છે.ભારે વરસાદના કારણે ખેતરોમાં રહેલો પાક લેવાનો સમય ખેડૂતોને મળ્યો નથી. જેના કારણે આખેઆખા પાકને નુકસાન જતા ઉત્પાદનમાં મોટો ઘટાડો થયો છે. જેની સીધી અસર સુરતની એપીએમસીમાં માર્કેટ અને છૂટક બજાર પર જોવા મળી રહી છે. સામાન્ય દિવસોમાં સસ્તા ભાવે મળતા શાકભાજીના ભાવ હવે ચોથા આસમાને પહોંચી ગયા છે.

મધ્યપ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્ર સહિત અલગ અલગ રાજ્યોમાંથી પ્રતિદિન શાકભાજીનો મોટો જથ્થો સુરતની એપીએમસીમાં માર્કેટમાં ઠાલવવામાં આવે છે. જે જથ્થામાં હાલ મોટો ઘટાડો થયો છે. મોટા ભાગે ૫૦ થી ૭૦ ટકા જેટલો શાકભાજીનો જથ્થો મહારાષ્ટ્રથી આવે છે. જેમાં પણ હાલ મોટો ઘટાડો નોંધાયો છે. પ્રતિદિન એપીએમસીમાં માર્કેટમાં જ્યાં ૩૦ થી ૪૦ જેટલી ટ્રક શાકભાજી ભરેલ જથ્થો આવતો હતો હવે તેના સ્થાને માત્ર ૧૫ થી ૨૦ ટ્રકો જ હાલ આવી રહી છે. જેના કારણે લીલા શાકભાજીના ભાવો બેગણા વધ્યા છે. સુરતની એપીએમસી માર્કેટની વાત કરવામાં આવે તો હાલ શાકભાજીના અલગ અલગ ભાવોમાં વધારો થયો છે. જેમાં ગત મહિને અને હાલ ચાલુ માસના પ્રતિ ૨૦ કિલોના ભાવ જોઈએ તો, ૧૧.૦૮.૨૦૨૪ સુધીના ભાવ આ પ્રમાણે છે. પાપડી ૮૦૦-૯૦૦, તુવેર ૧૦૦૦-૧૨૦૦, ચોળી ૬૦૦-૭૦૦, ગીલોડા૪૦૦-૫૦૦, ગુવાર ૧૨૦૦-૧૪૦૦, ફુદીના ૩૦૦-૪૦૦, લીંબુ ૧૨૦૦-૧૫૦૦, સુકુ લસણ ૫૦૦૦-૬૦૦૦, કાંદા ૬૦૦-૭૦૦, બટાકા ૪૦૦-૫૦૦, કોબી ૨૦૦-૩૦૦, ફ્લાવર ૩૦૦-૪૦૦, મરચા ૫૦૦-૬૦૦, ટામેટા ૩૦૦-૪૦૦ છે. જ્યારે ચાલુ માસ દરમિયાન પ્રતિ વીસ કિલોના ભાવ પર નજર કરવામાં આવે તો, ૧૧.૦૯.૨૦૨૪ સુધીના ભાવ આ પ્રમાણે છે. પાપડી ૨૦૦૦-૪૦૦૦, તુવેર ૧૮૦૦-૨૦૦૦, ચોળી ૧૨૦૦-૧૪૦૦, ગીલોડા ૧૫૦૦-૧૬૦૦, ગુવાર ૧૨૦૦-૧૫૦૦, ફુદીના ૪૦૦-૫૦૦, લીંબુ ૧૨૦૦-૨૨૦૦, સુકુ લસણ ૫૦૦૦-૬૦૦૦, કાંદા ૭૫૦-૮૫૦, બટાકા ૫૦૦-૬૦૦, કોબી ૨૬૦-૪૦૦, ફ્લાવર ૮૦૦-૧૦૦૦, મરચા ૮૦૦-૮૫૦, ટામેટા ૪૦૦-૫૦૦ રૂપિયા ભાવ પ્રતિ ૨૦ કિલોના છે.

ઉત્પાદન ઘટતા ભાવમાં વધારો થયો છે. ૨૦ રૂપિયે કિલોની કાકડીના ભાવ ૬૦ રૂપિયા પહોંચ્યા છે. ૩૦ રૂપિયે કિલો મળતા કાંદાના ભાવ ડબલ થયા છે. પખવાડિયા બાદ વધુ ભાવ વધવાના અણસાર છે. લીંબુના ભાવ ૮૦ રૂપિયે હતા, જે ૧૬૦ રૂપિયા થયા છે. જયાં અલગ અલગ શાકભાજીના છૂટક બજારની વાત કરવામાં આવે તો, ભીંડા - ૭૦ રૂપિયે કિલો, કાંદા - ૬૦, લીંબુ - ૧૬૦, ટામેટાં - ૪૦, રીંગણ - ૬૦, તુવેર - ૧૫૦, પાપડી - ૧૬૦, કોબીજ - ૬૦, ફ્લાવર - ૧૨૦, દૂધી - ૫૫, ચોળી - ૧૩૦, ફણસી - ૬૦, ગુવારસિંગ - ૭૦, આદુ - ૬૦, પાલક - ૧૦૦, લીલાં મરચાં - ૩૫, કાકડી - ૪૫, તુરીયા - ૫૦ રૂપિયે કિલોના ભાવે વેચાઈ રહ્યા છે.

મહત્વનું છે કે, હાલ શાકભાજીના ઉત્પાદનમાં ઘટાડો થતાં સુરતની એપીએમસીમાં શાકભાજીના જથ્થાની આવક ઘટી છે. જેના કારણે શહેરના છૂટક બજારમાં પણ શાકભાજીના ભાવ બે ગણા વધ્યા છે. જેના કારણે ગૃહિણીઓએ પણ શાકભાજીની ખરીદી પર કાપ મૂકી રહી છે. એટલું જ નહીં પરંતુ શાકભાજીની સાથે જે કોથમીર વિના મૂલ્યે આપવામાં આવતી હતી તે કોથમીર પ્રતિ કિલો ૩૦૦ રૂપિયાના ભાવ સુધી પહોંચી છે. લીલા શાકભાજીના ભાવમાં અસહ્ય ભાવ વધારો થતા સામાન્ય અને ગરીબ વર્ગના લોકોએ શાકભાજીની ખરીદી પર મહદ અંશે કાપ મૂકવાની ફરજ પડી રહી છે. જ્યાં વરસાદ હજી પણ ચાલુ રહે તો ભાવ વધારો થવાની શક્યતા હજી પણ રહેલી છે. જોકે વરસાદ પૂરો થાય તો પરિસ્થિતિ નિયંત્રણમાં આવે તેવું વેપારીઓનું કહેવું છે.

### રાહુલે વોશિંગ્ટન ડીસીથી ભાજપ પર પ્રહારો કર્યા

## 'અમે દેશમાં આક્રમક રાજકારણ જોયું જે લોકતાંત્રિક માળખા પર હુમલો કરે છે...'

### રાહુલ ગાંધીએ કહ્યું કે દેશ માટે કોંગ્રેસ અને તેના સહયોગીઓનું વિઝન બીજેપી અને આરએસએસથી અલગ છે

નવી દિલ્હી, તા.૧૧

કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ મંગળવારે મોડી રાત્રે વોશિંગ્ટન ડીસીમાં કહ્યું, ''લોકસભામાં વિપક્ષના નેતા બનવું એ મારા અગાઉના કામનું વિસ્તરણ છે. ભારતમાં કોંગ્રેસ અને અમારી વચ્ચે વૈચારિક યુદ્ધ ચાલી રહ્યું છે. બીજેપી અને આરએસએસ સાથેના આ બે સંપૂર્ણપણે અલગ દ્રષ્ટિકોણ છે.ભારતમાં, બધી કલ્પનાઓને મુક્તપણે ખીલવાની તક મળવી જોઈએ, જ્યાં તમે કયા ધર્મનું પાલન કરો છો, તમે કયા સમુદાયના છો અથવા તમે કઈ ભાષા બોલો છો તેના આધારે તમારા પર જુલમ નથી થતો. બીજી બાજુ, એક કઠોર અને કેન્દ્રિય અભિગમ છે. આ દ્રશ્ય છે, અને અમે આ દ્રશ્ય પર લડીએ છીએ. ભારતની સંસ્થાઓનું રક્ષણ કરો, નબળા વર્ગોનું રક્ષણ કરો, નીચલી જાતિઓ, આદિવાસીઓ, લઘુમતીઓ અને ગરીબ લોકોનું રક્ષણ કરો.પ્રવાસ પછી, મેં મારાથી બને તેટલા લોકોનો અવાજ બનવાનો પ્રયાસ કર્યો. આ માટે તમારે સમજવું પડશે કે વાસ્તવમાં શું થઈ રહ્યું છે. તમારે કૃષિ વિશ્વમાં, ત્યાં ચાલી રહેલા સંઘર્ષો, નાણાકીય વ્યવસ્થા અને કર પ્રણાલીમાં ઊંડે સુધી જવું પડશે. તમારે લોકો સાથે વાત કરવી પડશે, અને પછી તેમના દૃષ્ટિકોણને ઊંડાણપૂર્વક સમજવું પડશે અને વ્યાપક પરિપ્રેક્ષ્ય રજૂ કરવું પડશે. ભારત ગઠબંધનનું દેશ માટેનું વિઝન બીજેપીના કેન્દ્રિય અને સરમુખત્યારવાદી દ્રષ્ટિકોણથી સંપૂર્ણપણે અલગ હશે.કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ભારત જોડો યાત્રાને પરિવર્તન નહીં પરંતુ યાત્રા ગણાવી હતી. તેમણે કહ્યું કે ૨૦૧૪ પછી ભારતીય રાજનીતિમાં મોટો બદલાવ આવ્યો છે. વોશિંગ્ટન ડીસીમાં વાતચીત દરમિયાન તેમણે કહ્યું, ''અમે એક આક્રમક રાજનીતિ જોયું જે આપણા લોકતાંત્રિક માળખા પર હુમલો કરે છે. તે એક અઘરી લડાઈ છે, પરંતુ તે એક સારી લડાઈ પણ રહી છે. વ્યક્તિગત રીતે પણ ઘણું બદલાઈ ગયું છે.''તેમણે વધુમાં કહ્યું કે, કોંગ્રેસ અને તેના સહયોગીઓનું ભારત માટેનું વિઝન બીજેપી અને આરએસએસથી અલગ છે. ''અમે બહુમતીવાદમાં માનીએ છીએ, જ્યાં તમામ સમુદાયોને આગળ વધવાની તક મળે છે, જ્યારે ભાજપ અને આરએસએસનો અભિગમ વધુ કઠોર છે મીડિયા, કોર્પોરેટ અથવા સરકારમાં ખૂબ ઓછી હાજરી છે.રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું કે તેમના અને ભારતના ગઠબંધન માટે સૌથી મહત્વપૂર્ણ પ્રશ્ન ''શું આપણે ન્યાયી છીએ?''તેમને પૂછવામાં આવ્યું કે તમે કર્ણાટકમાં આ સમસ્યાને કેવી રીતે હલ કરી છે, જ્યાં તમારી સરકાર છે, તેના જવાબમાં રાહુલ ગાંધીએ કહ્યું કે, ''ભારત જેવા દેશ માટે અમે સર્વિસ સેક્ટરને બદલે મેન્યુફેક્ચરિંગ સેક્ટરને પ્રોત્સાહન આપવા પર ભાર આપી રહ્યા છીએ. અહીં ઉત્પાદનને પ્રોત્સાહિત કરવાની તક છે, પરંતુ અમે ચાઈનીઝ મોડલ અપનાવી શકતા નથી કારણ કે તે લોકશાહી નથી, અને અમે વિકેન્દ્રિત ઉત્પાદન પ્રણાલીને પ્રોત્સાહન આપવા પર કામ કરી રહ્યા છીએ.''

## હવે અમારી જમીન પર કોઈ કબજો જમાવે તે સંભવ નથી : રિજિજુ

### અમેરિકા ગયેલા રાહુલે દાવો કર્યો હતો કે, લદ્દાખમાં ચીન દિલ્હી જેટલા મોટા વિસ્તાર પર કબજો જમાવી બેઠું છે



નવી દિલ્હી, તા.૧૧

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના શીખ સમુદાયને લઈને આપેલા નિવેદનને લઈને અમેરિકામાં રાજકારણ ગરમાયું છે. ભાજપ રાહુલ ગાંધીના નિવેદનને લઈને કોંગ્રેસને ઘેરી રહી છે, ત્યારે શીખ સમુદાયના લોકો પણ કોંગ્રેસ વિરુદ્ધ રસ્તાઓ પર વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ સિવાય રાહુલ ગાંધીએ ચીન અંગે પણ એક નિવેદન આપ્યું હતું, જેમાં તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઘેર્યા હતા. તેના પર હવે કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુએ પ્રતિક્રિયા આપતાં કહ્યું કે, "અમારી એક ઈંચ પણ જમીન પર કોઈનો પણ કબજો નથી" હકીકતમાં અમેરિકાના પ્રવાસે ગયેલા રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે, લદ્દાખમાં ચીન દિલ્હી જેટલા મોટા વિસ્તાર પર કબજો જમાવી બેઠું છે. રાહુલ ગાંધી લોકસભામાં વિપક્ષના નેતા છે અને અમેરિકાની મુલાકાત દરમિયાન તેમણે કહ્યું છે કે, "વડાપ્રધાન મોદી ચીન સાથે યોગ્ય રીતે નિપટાવી ન શક્યા. અને ચીની સૈનિકો આપણી ૪ હજાર ચોરસ કિલોમીટર જમીન પર કબજો જમાવી બેઠા છે." રાહુલ ગાંધીના આ નિવેદન પર કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું છે કે, "જ્યારથી વડાપ્રધાન મોદીની સરકાર સત્તામાં આવી છે ત્યારથી અમારી એક ઈંચ જમીન પર પણ કોઈનો કબજો નથી. રાહુલ ગાંધીએ વિદેશ જઈને ભારતને બદનામ કરવાનું બંધ કરવું જોઈએ. ૧૯૬૨ પહેલા સરહદ નક્કી ન હતી, તેથી થોડી ગરબડ થઈ શકે છે, પરંતુ હવે અમારી જમીન પર કોઈ કબજો જમાવે તે સંભવ નથી." તેમણે કહ્યું, "નરેન્દ્ર મોદી જ્યારથી સત્તામાં આવ્યા છે, અમારી જમીન પર કોઈ કબજો કરી શક્યું નથી. ગઈ વખતે મેં ગૃહમાં વિરોધ પક્ષોના નેતાઓને કહ્યું હતું કે, જો તેમની પાસે સમય હોય તો તેઓ મારી સાથે સરહદ પર આવી શકે છે. ૧૯૬૨ પહેલા જો સીમાંકન નહોતું થયું. તો ચીનીઓએ અમારી જમીન પર કબજો કરી શકતા હતા."કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ બુધવારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ લઘુમતીઓ પર કરેલી ટિપ્પણી પર નિશાન સાધતા કહ્યું કે, "તેઓ ભારતમાં સૌથી સુરક્ષિત છે. અમેરિકામાં ગાંધીજીની ટીપ્પણી પર એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, ઈજીજી કેટલાક ધર્મો, ભાષાઓ અને સમુદાયોને અન્ય કરતા હલકી ગુણવત્તાવાળા માને છે. તમારે જેટલી પણ કોશિશ કરવી હોય તેટલી કરી લો, ભારતને બદનામ નહીં કરી શકાય, કારણ કે ભારતનું બંધારણ અને સંસ્કૃતિ લોકો વચ્ચે ભેદભાવ નથી કરતી." તેમણે કહ્યું કે જે "જે લોકો ભારત વિરોધી તાકતોની મદદથી ભારતને બદનામ કરવા માંગે છે, તેઓ ક્યારેય સફળ નહીં થાય. ભારતના પડોશમાં લઘુમતીઓ સાથે કોઈ ખોટું થાય તો તેઓ અહીં આવે છે. ભારતમાં લઘુમતીઓ સૌથી સુરક્ષિત છે.

### ઝડપી ચાલ અને દોડ સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવી ત્રણ ગોલ્ડ મેડલ મેળવ્યા

## જૂનાગઢના ૮૫ વર્ષીય દાદીએ જીત્યા ગોલ્ડ મેડલ

### દાદી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ જીત્યા છે સિલ્વર મેડલ

નડિયાદ, તા.૧૧

ગુજરાત માસ્ટર ખેલકૂદ મંડળ દ્વારા ૭મી અને ૮મી સપ્ટેમ્બરના નડિયાદ સ્પોર્ટસ ગ્રાઉન્ડ ખાતે રાજ્યકક્ષાની નવમી માસ્ટર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ યોજાઈ હતી. જેમાં જૂનાગઢના ૮૫ વર્ષીય ભાનુમતીબહેન પટેલે ઝડપી ચાલ અને દોડ સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવી ત્રણ ગોલ્ડ મેડલ મેળવ્યા હતા. નડિયાદ સ્પોર્ટસ ગ્રાઉન્ડ ખાતે રાજ્યકક્ષાની નવમી માસ્ટર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ યોજાઈ હતી. જેમાં રાજ્યભરમાંથી સિનિયર સિટિઝને ભાગ લીધો હતો. જેમાં ૮૫ વર્ષની વયે પણ યુવાનોને શરમાવે એવી સ્ફૂર્તિ ધરાવતા જૂનાગઢના ભાનુમતીબહેન પટેલે ૧૫૦૦ મીટર, ૫ હજાર મીટર દોડ તેમજ ૫ હજાર મીટર ઝડપી ચાલ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમણે આ ત્રણેય સ્પર્ધા નિયત સમયમાં પૂર્ણ કરી પ્રથમ ક્રમ મેળવ્યો હતો. જે બદલ માસ્ટર ખેલકૂદ મંડળ દ્વારા ભાનુમતીબહેન પટેલને ત્રણ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.૮૫ વર્ષીય ભાનુમતીબહેન પટેલ ફિટ રહેવા માટે નિયમિત ચાલવું, કસરત કરવાની ટેવ ધરાવે છે. આ ઉપરાંત તેઓ પૌષ્ટિક આહાર લે છે. ઉલ્લેખનીય છે કે, જૂનાગઢના ૮૫ વર્ષીય ભાનુમતીબહેન પટેલે અત્યાર સુધીમાં રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ દોડ તેમજ ઝડપી ચાલ સ્પર્ધામાં ગોલ્ડ, સિલ્વર મેડલ જીતી ચૂક્યા છે.

### પૂર્વ વડાપ્રધાન વાજયેપી અને મુશર્રફના દૃશ્યો બતાવ્યાં

## ન્યૂઝ એજન્સીનો 'કંધાર હાઈજેક' સામે કોર્ટમાં કેસ

મુંબઈ, તા.૧૧

ભારત દેશને આંતરરાષ્ટ્રીય સ્તરે શરમજનક સ્થિતિમાં મૂકનારી ઘટના આધારિત વેબ સિરઝ 'આઈસી ૮૧૪: કંધાર હાઈજેક'માં તથ્યોને વિકૃત કરવાના આરોપો મૂકાઈ રહ્યા છે. સિરીઝમાં આતંકવાદીઓને સારા બતાવી દેશની સલામતી એજન્સીઓને વામણી બતાવાઈ હોવાનું પણ કેટલાકને લાગે છે. તથ્યો સાથે ચેડાં કરવાના મામલે કોર્ટ કેસનો સામનો કરી રહેલી આ વેબસાઈટ સામે પ્રતિષ્ઠિત ન્યૂઝ એજન્સીએ પણ દાવો માંડ્યો છે. વિજય વર્મા, દિયા મિર્ઝા અને નસીરુદ્દીન શાહનો લીડ રોલ ધરાવતી આ સિરીઝમાં ન્યૂઝ એજન્સીના ફૂટેજનો ઉપયોગ કરવામાં આવ્યો છે, પરંતુ તેની મંજૂરી લેવામાં આવી નથી. ન્યૂઝ એજન્સી છદ્વેનો દાવો છે કે, મેકર્સે તેની મંજૂરી વગર આર્કાઈવના ફૂટેજનો ઉપયોગ કર્યો છે. આ સિરીઝમાં સર્જનાત્મક સ્વતંત્રતાના નામે ઐતિહાસિક તથ્યોને ખોટી રીતે રજૂ કરવાની સાથે મીડિયાને પણ ખરાબ દર્શાવાયું છે. આ મામલે કોર્ટમાં કેસ ચાલી રહ્યા છે ત્યારે ન્યૂઝ એજન્સીએ સિરીઝના ચાર એપિસોડ દૂર કરવા માગણી કરી છે. એજન્સીએ જણાવ્યું છે કે, ચાર એપિસોડમાં તત્કાલીન વડાપ્રધાન અટલબિહારી વાજપેયી અને પરવેઝ મુશર્રફ સહિત કેટલાક લકોના ફૂટેજ લેવામાં આવ્યા છે. આ ફૂટેજ પર એજન્સીનો કોપીરાઈટ છે. એજન્સીની મંજૂરી વગર ફૂટેજનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સિરીઝની ટીકા થઈ રહી છે અને તેમાં એજન્સીના ફૂટેજ પણ છે. જેના કારણે ન્યૂઝ એજન્સીની છબિ ખરડાઈ રહી છે. દિલ્હી હાઈકોર્ટે આ રજૂઆતને ધ્યાને રાખીને કેસની સુનાવણી પર રાખી છે.

## પ્રાથમિક સ્કૂલોમાં ૧૭ ઓક્ટોબરથી પ્રથમ સત્રાંત કસોટીનો પ્રારંભ થશે

### GCERT દ્વારા પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરાયો, ૨૫ ઓક્ટોબર સુધી પરીક્ષા ચાલશે

અમદાવાદ, તા.૧૧

રાજયની તમામ માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના મૂલ્યાંકન સબબ પ્રથમ સત્રાંત પરીક્ષા ૧૭ ઓક્ટોબરથી ૨૫ ઓક્ટોબર દરમિયાન યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સમગ્ર રાજ્યમાં એકસૂત્રતા રહે તે માટેનું સમાન સમયપત્રકના આધારે પરીક્ષા લેવા માટે જણાવાયું છે. ધોરણ-૩થી ૮ની પ્રથમ સત્રાંત કસોટીઓ માટે ધોરણવાર અને વિષયવાર પરિરૂપ રાજ્યકક્ષાએથી તૈયાર કરી તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડાયેટ)ને આપવામાં આવ્યું છે. આ નિયત પરિરૂપ મુજબ ડાયેટ દ્વારા કસોટી પત્રો તૈયાર કરી સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી- શાસનાધિકારીને સોંપવામાં આવશે. કસોટીમાં ધોરણ-૩થી ૮ના વિવિધ વિષયોમાં જીસીઈઆરટી દ્વારા તૈયાર કરવામાં આવેલા અભ્યાસક્રમની માસવાર ફાળવણી અનુસાર પ્રથમ સત્રનો જૂનથી ઓક્ટોબર માસ સુધીનો અભ્યાસક્રમ ધ્યાને લેવામાં આવશે. સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ ગુજરાતી (પ્રથમભાષા), ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને પર્યાવરણ વિષયના કસોટી પત્રો રાજ્યકક્ષાએથી આપવામાં આવેલ માળખા મુજબ શાળાકક્ષાએ તૈયાર કરવાના રહેશે, અને સમાન સમયપત્રક મુજબ પરીક્ષા યોજવાની રહેશે. જ્યારે બાકીના વિષયોની કસોટી સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ નિયત માળખાના આધારે શાળા કક્ષાએથી પોતે નિયત કરેલ સમયપત્રક મુજબ યોજી શકશે. સરકારી તેમજ ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓએ તમામ વિષયોના સમાન કસોટીપત્રો સમાન સમયપત્રકના આધારે અમલી કરવાના રહેશે. ગ્રાન્ટેડ શાળાઓએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી-શાસનાધિકારીને કસોટીપત્રો માટે નિયત રકમ ચૂકવવાની રહેશે. સ્વનિર્ભર શાળાઓ ઈચ્છે તો તમામ પ્રશ્નપત્રો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી- શાસનાધિકારી પાસેથી મેળવીને પોતાની શાળામાં ઉપયોગ કરી શકશે. આ માટે નિયત કરેલી રકમ જે તે સ્વનિર્ભર સંસ્થાએ ચૂકવવાની રહેશે. જે શાળાઓમાં પાળી પદ્ધતિ અમલમાં હોય તે શાળાઓમાં પણ તમામ ધોરણની તમામ વિષયોની પરીક્ષા આપેલા સમયપત્રક મુજબ જ યોજવાની રહેશે. પરીક્ષા સમયપત્રકમાં દર્શાવેલ તારીખોમાં જો કોઈ જિલ્લા દ્વારા સ્થાનિક રજા જાહેર કરેલી હોય તો તે રજા રદ કરી સમયપત્રક અનુસાર પરીક્ષા યોજવાની રહેશે.

ચાલુ વર્ષ ૨૦૨૪-૨૫થી પ્રથમ અને દ્વિતીય સત્રાંત પરીક્ષામાં ધોરણ-૩ અને ધોરણ-૪માં અંગ્રેજી વિષયનો સમાવેશ કરવામાં આવશે. તેનું મૂલ્યાંકન માળખુ અન્ય વિષયની જેમ વાર્ષિક ૨૦૦ ગુણનું રહેશે. સામાજિક વિજ્ઞાન, પર્યાવરણ વિષયમાં નકશાઓ અને ગણિત વિષયમાં આલેખપત્રની જરૂરી વ્યવસ્થા જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ કસોટીપત્રોની સાથે જ કરવાની રહેશે.

પ્રથમ સત્રાંત કસોટીનો કાર્યક્રમ

| તારીખ | ધો.૩થી ૫ | ધો.૬થી ૮ |
|---|---|---|
| ૧૭ ઓક્ટોબર | ગુજરાતી | ગુજરાતી |
| ૧૮ ઓક્ટોબર | અંગ્રેજી | અંગ્રેજી |
| ૧૯ ઓક્ટોબર | - | સા. વિજ્ઞાન |
| ૨૧ ઓક્ટોબર | હિન્દી | હિન્દી |
| ૨૨ ઓક્ટોબર | પર્યાવરણ | વિજ્ઞાન |
| ૨૩ ઓક્ટોબર | ગણિત | ગણિત |
| ૨૪ ઓક્ટોબર | - | સંસ્કૃત |
| ૨૫ ઓક્ટોબર | અન્ય પ્ર.ભાષા | અન્ય પ્ર.ભાષા |

# અમરેલી ખાતે સારહિ યુથ કલબનાં ગણેશ મહોત્સવમાં બાળકોએ આરતી ઉતારી






અમરેલીની પ્રસિધ્ધ સેવાભાવી સંસ્થા સારહી યુથ કલબના પ્રમુખ અને તપોવન આશ્રમના સ્વપ્નદ્રષ્ટા મુકેશભાઈ સંઘાણીના માર્ગદર્શન તળે દુંદાળાદેવ ગણપતિદાદાની વંદનાના પર્વ ''ગણેશ મહોત્સવ–૨૦૨૪''નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. અમરેલી મધ્યમાં સીનીયર સીટઝન પાર્ક ખાતે સારહી યુથ કલબ ઓફ અમરેલી ધ્વારા ગણેશ ઉત્સવમાં તા. ૧૦/૯/૨૪ના રોજ સવારની આરતી સરસ્વતી વિદ્યા મંદિર સ્કૂલ, લાઠી રોડ, અમરેલીના બાળકો દ્વારા ઉતારી હતી, દાદાનો બપોરનો થાળ અગ્રણી વેપારી ભાવેશભાઈ સંઘાણી તરફથી ધરવામાં આવેલ તેમજ સાંજની આરતી ગુર્જર કડીયા સમાજ, અમરેલી દ્વારા ઉતારવામાં આવી હતી. આ ગણેશ ઉત્સવમાં બહોળી સંખ્યામાં નગરજનો દર્શનનો લાભ લઈ રહ્યાનું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયેલ.

### નાયબ દંડક કૌશિક વેકરિયા દ્વારા

## અમરેલીના જાળીયા ગામે આરસીસી માર્ગનું ભૂમિપુજન થયું

### ગામજનોમાં ખુશીનો માહોલ છવાયો

અમરેલી, તા. ૧૧

રાજય સરકારની વિકાસકાર્યોની હારમાળામાં અમરેલી જિલ્લો પણ પ્રગતિ પથ પર છે. અમરેલી –વડિયા–કુંકાવાવનાં ધારાસભ્ય અને વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાના હસ્તે જાળીયા ગામે આશરે રૂા.૮ લાખનાં ખર્ચે આર.સી.સી.રોડનું ખાતમૂર્હૂત કરવામાં આવ્યું હતું. ગામના મુખ્ય ચોક ખાતે ગ્રામજનોએ જોડાઈને આ ગામના આ વિકાસકાર્યને વધાવ્યું હતું. આર.સી.સી.રોડ તૈયાર થતા જાળીયા ગામની પ્રાથમિક સુવિધામાં ઉમેરો થશે. આ પ્રસંગે નાયબ મુખ્ય દંડકે ગુણવતાયુકત કામ થાય તે સુનિશ્ચિત કરવા સૂચન કર્યુ હતું. તેમજ બનતી ત્વરાએ કામગીરી પૂર્ણ કરવા જણાવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના સભ્યઓ, ગામનાં સરપંચ અને ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.



## માયાપાદરમાં જુગાર રમતાં ૭ પત્તાપ્રેમીઓની અટકાયત

અમરેલી, તા. ૧૧

અમરેલી તાલુકાના ચિતલ ગામે રહેતા હુસૈનભાઈ મુસાભાઈ કાળવા, રફીકભાઈ જમાલભાઈ બાવનકા, જયેશભાઈ નારાયણભાઈ કાબરીયા, જગુભાઈ હકુભાઈ જેઠવા, મનુસિંગ કલ્યાણસિંગ બચ્ચન તથા લીલીયા તાલુકાના પીપળવા ગામે રહેતા નરેશભાઈ સુખાભાઈ પાડા સહિતના સાતેય ઈસમો માયાપાદર ગામે જાહેરમાં જુગાર રમતા રોકડ રકમ રૂપિયા ૧૦,૩૨૦ તથા અલગ–અલગ દરના ટોકન નંગ–૮૨ તથા સાહીત્ય સાથે ઝડપાઈ જતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલા નજીકથી જામગરી**

પોલીસ ઈન્સ્પેકટર આર.ડી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. ટીમ એ.ટી.એસ.ચાર્ટર લગત સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તેદરમિયાન ખાનગી બાતમી રાહે હકિકત મળેલ કે સાવરકુંડલા–મહુવા બાયપાસ રોડ, નળમાં નહેરાના કાંઠે રહેતા એક ઝુંપડામાં સુલતાનભાઈ રહેમાનભાઈ લાડડ નામનાં ઈસમે એક હાથ બનાવટની દેશી જામગીરી બંદુક રાખેલ છે. જે અનુસંધાને બાતમીવાળી જગ્યાને કોર્ડન કરી રેઈડ કરતા એક હાથ બનાવટની દેશી જામગરી બંદુક (અગ્નિશસ્ત્ર હથિયાર) સાથે તેઈસમને ઝડપી પાડેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **બાબરામાં રહેણાંક હેતુ માટે**

બીનખેતી થયેલ હોય અને આપના દ્વારા રહેણાંક હેતુ માટે થયેલ બીનખેતીની જમીન પર કોમર્શીયલ બાંધકામ કરવામાં આવેલ હોય આપના દ્વારા શરૂ કરેલ બાંધકામ તાત્કાલિક ધોરણે બંધ કરવા સુચના આપવામાં આવે છે. અને સદરહું બિનખેતી હુકમમાં દર્શાવેલ છોડવાની ખુલ્લી જગ્યામાં અને જી.ડી.સી.આર.નાં નિયમોને વિરૂધ્ધ કરેલ બાંધકામના ભાગને દુર કરવાની કાર્યવાહી આપના ખર્ચે અને જોખમે દિન–૭માં કરવા માટે તાકીદ કરવામાં આવે છે. જો આમ કરવામાં નહી આવે તો અત્રેની કચેરી દ્વારા નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ અંતર્ગત આપના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ અંતમાં જણાવેલ છે.

### ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ અંતર્ગત

## અમરેલીમાંથી ગુમ થયેલ મોબાઈલ અને પર્સ શોધીને પોલીસે પરત કરાવ્યું

### સીસીટીવી કેમેરાની મદદથી મુદ્દામાલ ઝડપાયો

અમરેલી, તા. ૧૧

અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પે. કે.એલ. ખટાણાની રાહબરી હેઠળ અમરેલી સીટી પોલીસ સ્ટેશનના અલગ–અલગ મિલ્કત ગુમની અરજીઓ અનુંસંધાને અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા કમાન્ડ કંટ્રોલ સેન્ટર, નેત્રમ અમરેલીના પોલીસ સબઈન્સ્પે. એચ.એલ. પાથર તથા ટીમના સહયોગથી સી.સી.ટી.વી. ફુટેજીસ જોઈ તેનો સઘન અભ્યાસ કરી ટેકિનકલ સોર્સ તથા હ્યુમન સોર્સની મદદથી ગુમ થયેલ મિલ્કત શોધી મુળ માલીકને પરત કરી તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હાથ ધરેલ હતો.

પ્રથમ બનાવમાં ગત તા. ૧૦/૯ ના રોજ ઢસા ગામે રહેતા સાગરભાઈ રાઘવભાઈ પઢારીયા અમરેલીના રાજકમલ ચોક ખાતે પોતાના પરિવાર સાથે નાસ્તો કરવા જતાં હતાં તે વખતે રસ્તામાં પોતાના પત્નિનું પર્સ ગુમ થઈ ગયેલ હોય. પર્સ શોધી તથા પર્સમાં રહેલ રોકડ રકમ રૂપિયા ૧૦,૦૦૦ પરત આપ્યા હતાં.



બીજા બનાવમાં જીગ્નેશભાઈ અમૃતભાઈ પરમાર અમરેલીવાળા ગત તા. ૧૦/૯ ના રોજ મોટા બસ સ્ટેશન પાસે જતા હતાં તે સમયે પોતાનો એન્ડ્રોઈડ મોબાઈલ પડી જઈ ગુમ થયેલ હોય જે મોબાઈલ ફોન શોધી તેમને પરત આપેલ હતો.

ત્રીજા બનાવમાં અનિભાઈ વાલજીભાઈ દેસાઈ અમરેલીવાળા ગત તા. ૨૮/૮ ના રોજ ભીડભંજન પાસે ચાલુ બાઈક ઉપરથી પોતાની દીકરીનો એન્ડ્રોઈડ મોબાઈલ પડી જતા ગુમ થયેલ હોય જે મોબાઈલ ફોન શોધી તેમને પરત આપેલ હતો.

પાના ૮ ઉપરનું ચાલું **દામનગરમાં વિકાસ કાર્યોમાં**

અનેચીફ ઓફિસરના નામ લખવામાં આવે તો અહીંયાં કામ માટે આવતા અરજદારોને ખબર પડે અને સાથે–સાથે તેઓના મોબાઈલ નંબર પણ લખવામાં આવે અને તમામ વોર્ડના સભ્યોના નામ અને મોબાઈલ નંબરનું બોર્ડ જાહેર જનતા માટે મૂકવામાં આવે એવી માંગ છે. મહાનગર પાલિકાઓ અધિકારીઓ અને પદાધિકારીઓની ચેમ્બરની બહાર નામ લખેલા વાંચવામાં આવે છે તે રીતે નગરપાલિકામાં પણ અધિકારી અને પદાધિકારીઓના નામ લખવામાં આવે તો નાગરિકો માટે ખૂબજ ઉપયોગી થઈ શકે. નાગરિકો વતી આ સૂચનને સ્વીકારી યોગ્ય થાય તે જરૂરી છે.

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૮૨ | ૯૮૨ |
| ૨ | શિંગ મોટી | ૯૦૧ | ૧૧૦૬ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૩૫૨ |
| ૪ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૭૪૬ |
| ૫ | તલ કાળા | ૨૨૦૦ | ૩૫૫૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૮૨૯ | ૩૩૩૩ |
| ૭ | બાજરો | ૪૨૯ | ૫૨૩ |
| ૮ | જુવાર | ૫૦૦ | ૮૩૩ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૧૬ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૪૦ | ૫૮૯ |
| ૧૧ | મકાઈ | ૬૧૪ | ૬૧૪ |
| ૧૨ | મગ | ૧૪૭૬ | ૧૫૦૨ |
| ૧૩ | અડદ | ૧૩૦૦ | ૧૬૫૦ |
| ૧૪ | ચણા | ૧૦૪૦ | ૧૫૧૨ |
| ૧૫ | વાલ | ૧૫૫૬ | ૧૫૫૬ |
| ૧૬ | કપાસ | ૮૪૦ | ૧૬૮૦ |
| ૧૭ | જીરૂ | ૩૬૭૫ | ૪૬૫૦ |
| ૧૮ | ધાણા | ૯૭૦ | ૧૨૩૦ |
| ૧૯ | મેથી | ૭૪૦ | ૧૦૯૯ |
| ૨૦ | સોયાબીન | ૭૯૭ | ૮૪૭ |
| ૨૧ | રજકાનું બી | ૪૩૭૫ | ૪૮૭૫ |
| ૨૨ | કાંગ | ૧૦૩૫ | ૧૦૩૫ |

### અવસાન નોંધ

**અમરેલી :** અમરેલી નિવાસી રજનીભાઈ આણંદરામજી હરિયાણી (ઉ.વ. ૬૫) તે નીખીલભાઈ તથા કલ્પેશભાઈનાં પિતાજીનું તા. ૧૦નાં રોજ અવાસન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તથા બેસણું તા. ૧૨ ને ગુરૂવારનાં રોજ સાંજે ૪ થી ૬ સુધી સહજ હોલ, ચકકરગઢ રોડ, અમરેલી ખાતે રાખેલ છે.

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૧૨૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૧૪૧ |
| ૩ | શીંગ નવી | ૬૨૧ | ૭૧૧ |
| ૪ | શીંગ દાણા | ૧૨૦૧ | – |
| ૫ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૭૦ |
| ૬ | જીરૂ | ૩૮૫૦ | ૪૫૦૫ |
| ૭ | કપાસ | ૧૪૦૦ | ૧૬૫૦ |
| ૮ | કપાસ નવો | ૧,૫૦ | ૧૬૧૪ |
| ૯ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૦૨ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૨૬ |
| ૧૧ | બાજરો | ૪૦૦ | ૪૯૫ |
| ૧૨ | જુવાર | ૪૫૦ | ૭૮૬ |
| ૧૩ | ચણા | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ૧૪ | સોયાબીન | ૭૯૯ | – |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૯૧ | ૧૫૫૫ |
| ૨ | ઘઉં | ૫૩૧ | ૫૮૧ |
| ૩ | તલ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૪ | મગ | ૧૪૭૦ | ૧૪૭૦ |
| ૫ | સોયાબીન | ૮૧૫ | ૮૧૫ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૬૦૨ |
| ૨ | સોયાબીન | ૬૦૦ | ૮૪૨ |
| ૩ | ઘઉં લોકવન | ૪૭૨ | ૫૨૨ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૦ |
| ૫ | મગ | ૧૩૨૦ | ૧૩૨૦ |
| ૬ | અડદ | ૧૬૨૫ | ૧૬૨૫ |
| ૭ | જીરૂ | ૪૧૫૦ | ૪૧૫૦ |
| ૮ | ચણા | ૧૦૦૦ | ૧૩૫૫ |
| ૯ | ધાણા | ૧૦૦૦ | ૧૧૧૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૦૨૫ | ૧૦૨૫ |
| ૧૧ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૨૭૦ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૬૨ | ૧૬૭૦ |
| ૨ | જીરૂ | ૪૧૪૦ | ૪૪૦૦ |
| ૩ | ઘઉં | ૪૯૦ | ૫૭૦ |
| ૪ | તલ સફેદ | ૨૨૩૦ | ૨૪૨૦ |
| ૫ | બાજરો | ૪૧૦ | ૪૪૦ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૫૦૦ | ૯૬૦ |
| ૨ | તલ સફેદ | ૨૪૨૮ | ૨૭૧૭ |
| ૩ | કપાસ | ૧૦૦૧ | ૧૬૬૦ |
| ૪ | બાજરો | ૪૬૧ | ૫૪૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૬૨ |
| ૬ | જુવાર | ૪૭૦ | ૮૬૧ |
| ૭ | સોયાબીન | ૮૦૨ | ૮૧૯ |

# ચલાલા : ગાયત્રી સંસ્કાર વિદ્યાલયની ટીમ ઈન્ટરનેશનલ લેવલે બીજા ક્રમે







યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના લખનવ ખાતે ઈન્ટરનેશનલ લેવલ કલ્ચર પોગ્રામમાં બીજો નંબર મેળવી વિદ્યાર્થીઓએ ગાયત્રી સંસ્કાર વિદ્યાલય તથા ઘર પરિવારનું નામ રોશન કર્યુ છે. જેમાં અલગ અલગ ગામમાં ચલાલાથી શ્લોક મહેતા, ઢોલરવાથી વાળા દિવ્યરાજ, દહીડાથી વાળા જયદીપ લાખાપાદર સોજીત્રા પ્રીત આ બધાએ પોતાની અંદર છુપાયેલી કલા રજુ કરીને સુંદર પર્ફોમન્સ આપ્યું હતું. માર્ગ દર્શક શિક્ષક અરવિંદભાઈ એ સંપૂર્ણ જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના શિલ્પી પુ. ડો. રતિદાદા, સંચાલક ભારત ભૂષણ મહેશભાઈ મહેતા આચાર્ય શીતલબેન મહેતાએ શુભેચ્છા પાઠવી મંત્રો ઉચાર કરી વિદાય આપી હતી.

# વીજપડી ખાતે ઝૂંપડપટ્ટી વિસ્તારના બાળકો પર ધ્યાન કેન્દ્રિત કરતી સ્વાસ્થ્ય બાલક સ્પર્ધા યોજાઈ







વીજપડી, ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ – ચાલી રહેલા પોષણ માહની ઉજવણીના ભાગરૂપે, વિજપડી ગામમાં સ્વસ્થ બાલક સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ૦ થી ૫ વર્ષના બાળકોના સ્વાસ્થ્ય અને પોષણમાં સુધારો કરવાના ઉદેશ્યથી આ ઈવેન્ટ, ખાસ કરીને ઝૂંપડપટ્ટી વિસ્તારના બાળકોની ઊંચાઈ અને વજન માપવા પર પ્રયાન કેન્દ્રિત કર્યુ. આ સ્પર્ધાને સ્થાનિક અગ્રણીઓની ઉપસ્થિતિમાં બિરદાવી હતી. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત સદસ્ય વિજયભાઈ ચાવડા અને વિજપડીના સરપંચ ભરતભાઈ ગીગૈયાએ સક્રિયપણે ભાગ લીધો હતો. વિજપડી–૧ સેજાના સુપરવાઈઝર વર્ષાબેન દુધાત પણ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમના સફળ સંચાલનની દેખરેખ રાખી હતી. વધુમાં, કુલદિપ મહેતા, બ્લોક કોઓર્ડિનેટર (NNM) એ તેમની કુશળતા આપી અને ઈવેન્ટની સરળ કામગીરીની ખાતરી કરી. આ પહેલનો પ્રાથમિક ઉદેશ્ય ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં રહેતા લોકો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને ગામમાં બાળકોના આરોગ્ય અને પોષણની સ્થિતિનું મૂલ્યાંકન કરવાનો હતો. ઉંચાઈ અને વજન માપન વિકાસની પેટર્નને ટ્રેક કરવા અને બાળકોમાં કુપોષણના કેસો, જો કોઈ હોય તો, ઓળખવા માટે રેકોર્ડ કરવામાં આવ્યા હતા. આ ઈવેન્ટ વ્યાપક રાષ્ટ્રીય પોષણ મિશન (NNM) નો મુખ્ય ભાગ હતો, જેનો હેતુ સમગ્ર દેશમાં બાળ આરોગ્ય સૂચકાંકોને સુધારવાનો હતો. ગામના વાલીઓને જીવનના શરૂઆતના વર્ષોમાં પોષણના મહત્વ અંગેની ચર્ચાઓમાં હાજરી આપવા અને સક્રિય ભાગ લેવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સંતુલિત આહાર, સ્તનપાન અને રોગપ્રતિરક્ષા અંગેની માહિતી માતાપિતાને પૂરી પાડવામાં આવી હતી, જેથી તેઓ તેમના બાળકોના વિકાસ અને વિકાસમાં પોષણની મહત્વપૂર્ણ ભૂમિકાને સમજે તેની ખાતરી કરી હતી.

### આત્મહત્યા નિવારણ દિવસ નિમિતે

## અમરેલીની કે.કે.પારેખ કોમર્સ કોલેજમાં માનસિક સ્વાસ્થ્ય સુધારણા અંગે કાર્યક્રમ યોજાયો

### સોશિયલ વર્કર નરેન્દ્ર મકવાણા અને તુષારભાઈ વાણીયા ઉપસ્થિત રહ્યા





અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે. કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે માનસિક સ્વાસ્થ્ય સુધારણા તેમજ આત્મહત્યા નિવારણ વિષે એક માર્ગદર્શક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ અમરેલીના સોશિયલ વર્કર નરેન્દ્રભાઈ મકવાણા તથા તુષારભાઈ વાણીયા માર્ગદર્શક તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ વિદ્યાર્થીઓને માનસિક સ્વાસ્થ્ય સુધારણા અંગેની ટીપ્સ આપી હતી તથા આત્મહત્યા નિવારણ માટેના ઉપચારો વિષે માહિતગાર કર્યા હતા તથા વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કર્યુ હતું.

કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. જે.એમ. તળાવિયા તથા પ્રા.એ.બી. ગોરવાડીયાએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રા.ડો.એ.જી. પટેલ અને એન.સી.સી. પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડબલ્યુ. જી. વસાવાએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું આયોજન કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપલ પ્રા. ડો. એમ. એમ. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. તેમ આઈ.કયુ. એ.સી. કો ઓર્ડીનેટર પ્રા ભારતી બેન ફીણવીયાએ જણાવ્યું હતું.

## અમરેલી : નેશનલ સ્પોર્ટસ ડે અંતર્ગત ગર્લ્સ હોકી સ્પર્ધા યોજાઈ

અમરેલી, તા.૧૧

નેશનલ સ્પોટર્સ ડે અંતર્ગત 'બેટી બચાઓ બેટી પઢાઓ' અન્વયે અમરેલી જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા મહિલા અને બાળ કચેરી અમરેલી સેલ દ્વારા ગર્લ્સ હોકી સ્પર્ધા યોજાઈ હતી. 'બેટી બચાઓ બેટી પઢાઓ' યોજનાના અસરકારક અમલીકરણનાં ઉદેશ સાથે યોજાયેલ સ્પર્ધામાં કિશોરીઓને 'બેટી બચાઓ બેટી પઢાઓ'ના સિમ્બોલ વાળા ટી–શર્ટ અને ટોપીનું વિતરણ અને શરૂઆત પુર્વે યોજનાકીય માહિતી આપવામાં આવી હતી. રમતગમત ક્ષેત્રે દીકરીઓ આગળ વધી દેશનું નામ રોશન કરે તેમજ સશકત અને સફળ બને તે માટે જિલ્લા કક્ષાએ સકારાત્મક પ્રયત્નો કરવામાં આવી રહયા છે. સ્પર્ધામાં Dhew યોજનાના જિલ્લા મિશન કો–ઓર્ડિનેટર હસમુખભાઈ, સખી વન સ્ટોપ સેન્ટરના મનિષાબેન, પી.બી.એસ.સી. અમરેલીનાં કાઉન્સેલર રોશનીબેન સહિતનાં ઉપસ્થિત રહયા હતા. તેમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## લીલીયામોટાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં એન.સી.સી.નો પ્રારંભ થયો



અમરેલી, તા. ૧૧

સરકારી વિનયન અને વાણિજય કોલેજ લીલીયા મોટાનાં પ્રિન્સિપાલ ડો.રાજેન્દ્રસિંહ રાઠોડની યાદી જણાવે છે કે આજ રોજ ૩૦ બહેનો–ભાઈઓ વિદ્યાર્થીની – વિદ્યાર્થીને એન.સી.સી.માં જોડાવા માટેની વિપુલ તક પુરી પાડવામાં આવી હતી. અને વિદ્યાર્થીઓ પ્રોફેસર લીલીયા વિસ્તારના લોકોમાં ખુશીનો માહોલ છવાયો છે. આ નવી કોલેજમાં વિવિધ પ્રવૃતિઓ શરૂ થવા લાગી છે. જેની સાથે સાથે એન.સી.સી. અને એન.એસ.એસ. રમતગમત, સપ્તધારા, ઉદિસા જેવી સાહસિક પ્રવૃતિઓ અભ્યાસની સાથે સાથે સેવા, સહકાર, ભારતીયતા, આત્મનિર્ભરતા, બહાદુરી વગેરે કૌશલ્યો ખીલે છે. અહી સર્વે કોલેજ પરિવારની સખ્ત મહેનતથી અભ્યાસોતર પ્રવૃતિઓ પણ ધમધમે છે. આ પ્રસંગે એન.સી.સી. ઓફિસર ડો.સબ્બીર પરમાર તથા ડો.સુભાષ ઓડેદરાની ટીમએ જહેમત ઉઠાવી હતી. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### પશુ દીઠ દૈનિક રૂપિયા ૧૦૦ આપવાની માંગ સાથે

## ધારી આસપાસનાં તમામ ગૌશાળા સંચાલકોની મુખ્યમંત્રીને રજૂઆત

### ધારાસભ્ય જે.વી.કાકડીયા ઉપસ્થિત રહ્યા



ધારી, તા. ૧૧

ધારીના ધારાસભ્ય જે.વી. કાકડીયા સાથે ધારી તથા આસપાસના ગૌશાળા સંચાલકોએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને મળ્યા. મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને ગૌશાળા, પાંજરાપોળોને પશુદીઠ ૧૦૦ રૂપિયા સબસીડી મળે તે માટેની રજૂઆત કરી હતી. છેલ્લાં કેટલાક સમયથી ગૌધનના પાલન પોષણનો ખર્ચ ગૌશાળાના સંચાલકો અને પાંજરાપોળને વધી ગયો છે, હાલ દૈનિક, કાયમી, પશુદીઠ રૂ.૩૦ સબસિડી આપવામાં આવે છે તેના બદલે ઓછામાં ઓછી રૂ.૧૦૦ સબસિડી કરી આપવા વિનંતી કરવામાં આવી હતી. વધતી જતી મોંઘવારીના કારણે પશુ નિભાવનો ખર્ચ દિવસે દિવસે વધતો જાય છે જેના કારણે ગૌશાળા, પાંજરાપોળોને પશુ નિભાવમાં તકલીફ પડી રહી છે. પશુઓની સંખ્યા પણ વધતી જાય છે, દાનનો પ્રવાહ ઘટયો છે ત્યારે પશુનિભાવનો ખર્ચ વધતો જાય છે. આ માટે દૈનિક સબસીડીની રકમ વધારવા માટે માંગણી કરવામાં આવી હતી.

આ મુલાકાત દરમિયાન ધારીના ધારાસભ્ય જે.વી. કાકડીયા સાથે હિંદવા રામદેવ પીર ચેરીટેબલ ટ્રસ્ટની ભકિતધામ ગૌશાળા જશાભગત, હડાળાની મુરલીધર ગૌશાળાનાં ઉકાભાઈ બાબરીયા, મુજયાસરની કામધેનુ ગૌશાળ ાનાં હિંમતભાઈ ખેતાણી, હામાંપુરની વ્રજ ગૌશાળાનાં દલસુખભાઈ થાવાણી, માણેકવાડાની બાલકૃષ્ણ ગૌશાળ ાના અરવિંદભાઈ ભેશાનિયા અને રમેશભાઈ કોટડીયા, શાપરની કનૈયા ગૌશાળાનાં દિલીપભાઈ તેમજ અન્ય ગૌશાળા, પાંજરા પોળોનાં સંચાલકો પ્રવિણભાઈ મેસિયા, સાગરકુમાર અગ્રાવત, ચંદુભાઈ ગાજીપરા, વિનુભાઈ વેકરીયા, દલપતભાઈ રાખોભિયા, અવિનાશભાઈ દેવમુરારી સહિતના જીવદયાપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતના જીવદયા પ્રેમી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જીવદયાને લગતા અન્ય તમામ મુદાઓ પ્રયાનથી સાંભળ્યા હતા અને શક્ય તમામ મદદ કરવાની ખાતરી આપેલ હતી.

# અમરેલીમાં શેર એન્ડ કેર પરિવાર સંચાલિત હરતી ફરતી લાઈબ્રેરીને પુસ્તકો અર્પણ કરાયા









અમરેલી નગરમાં સામાજીક, સેવાકીય પ્રવૃતિઓ કરતી સંસ્થા શેર એન્ડ કેર પરિવાદ દર રવિવારે જાહેર સ્થળ પર હરતી ફરતી લાઈબ્રેરીનો પ્રોજેકટ ચલાવે છે. પુસ્તક પરબ વડોદરાના પ્રણેતા અને અમરેલી જીલ્લા સાહિત્ય સર્જક પરિવારના સ્થાપક પ્રમુખ ડો. પ્રતાપભાઈ પંડયાની પુણ્ય તિથિ નિમિતે સંસ્થા દ્વારા મનીષાબેન પંડયાના સૌજન્યથી તારીખ ૮–૯–૨૪ને રવિવારના રોજ અમરેલીના લાઠી રોડ પર મામા દેવની જગ્યા પાસે આ હરતી ફરતી લાઈબ્રેરીને અંદાજીત ૨૫૦૦૦/– રૂ.ની કિંમતના પુસ્તકો ભેટ અર્પણ કરવામાં આવ્યા હતાં. આ તકે અમરેલી જીલ્લા સાહિત્ય સર્જક પરિવાર વતી મેનેજિંગ ટ્રસ્ટી ઉમેશભાઈ જોષી, ટ્રસ્ટી પરેશ મહેતા, સાહિત્યકાર ડો. કાલિન્દી પરીખ, લોકસાહિત્યકાર મહેન્દ્રભાઈ જોષી, કવિ પ્રકાશ જોષી ખાસ ઉપસ્થિત વચ્ચે પ્રારંભે લાઈબ્રેરીના પ્રોજેકટ સાથે પહેલેથી જોડાયેલા સર્જક પરિવારના ટ્રસ્ટી એવા પરેશ મહેતા દ્વારા પૂર્વ ભૂમિકા રજૂ કરી હતી. શેર એન્ડ કેર પરિવાના સ્થાપક ચેરમેન રિયાઝ વેરસિયા દ્વાર સેવા પ્રવૃતિઓ વિશે અને વાંચે અમરેલી વિશે આ વાત કરી હતી. આ પ્રોજેકટ અંતર્ગત વધુ લોકો પુસ્તક વાંચનનો લાભ લઈ શકે તે માટે સત્વશીલ સાહિત્યનાં પુસ્તકો ભેટ આપવા માટે મનીષાબેન પંડયાનો ખાસ આભાર વ્યકત કરવામાં આવેલ. સહુ અતિથી વિશેષનું પ્રભુ શ્રી રામની તસવીર ભેટ આપી સન્માન કરવામાં આવ્યું. પુસ્તક પરબ વતી મેનેજીંગ ટ્રસ્ટી ઉમેશભાઈ જોષી એ ડો. પ્રતાપભાઈ પંડયાની શિક્ષણ, સાહિત્યની સેવા પ્રવૃતિઓ વિશે જણાવ્યું. લાઈબ્રેરી પ્રોજેકટ માટે ઈન્ચાર્જ ધર્મેન્દ્ર જોષી, શરદભાઈ શુકલ, રમેશભાઈ જાનીને ધન્યવાદ આપ્યા હતાં. સમગ્ર સેવા પ્રવૃતિના સફળ સંકલન માટે ફાઉન્ડર ચેરમેન રિયાઝ વેરસિયાને અભિનંદન પાઠવેલ. આ તકે કાલિન્દીબેન પરીખ અને મહેન્દ્રભાઈ જોષીએ શુભેચ્છાઓ પાઠવી હતી. સંકલન પરેશ મહેતા દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે પ્રોત્સાહક હાજરીમાં પરિવારના સભ્યો સર્વ ધર્મેન્દ્ર જોષી, મન્સુર ગઢીયા, શરદભાઈ શુકલ, અંકિતા જોષી, યામિની મેઘાણી, લયાબા રાજપૂત, હિરેન ગોસાઈ, ટીનાભાઈ પરમાર, ઉમેશ તેરૈયા, સાહિલ કુંડલીયા, જગદીશભાઈ જોષી, અંકિતા જોષી, યામિની મેઘાણી પરિવારના ટ્રસ્ટી ઉદય દેસાઈ અને કેતન જોષીએ શુભેચ્છા સંદેશ પાઠવેલ. અંતમાં શેર એન્ડ કેર પરિવાર વતી રિયાઝ વેરસિયા એ દર રવિવારે આયોજીત આ હરતી ફરતી લાઈબ્રેરીનો વાચન લાભ લેવા અનુરોધ કર્યો હતો.




## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં આગમનને લઈને તંત્રમાં ધમધમાટ શરૂ

# અમરેલીનાં બસપોર્ટનું આગામી અઠવાડીયે લોકાર્પણ

**કરોડો રૂપિયાનાં ખર્ચે બનેલ બસપોર્ટને કાર્યરત કરવાની ગણતરીની કલાકો બાકી રહી**

**છેલ્લા પાંચ-સાત વર્ષથી કામચલાઉ બસ સ્ટેન્ડનાં નર્કાગારમાંથી મુસાફરોનો થશે છુટકારો**

**જો કે હજુ સુધી મુખ્યમંત્રીનાં આગમનનો સમગ્ર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો નથી**

**બસપોર્ટને શરૂ કરવા અંગે ''અમરેલી એકસપ્રેસ''માં અવારનવાર અહેવાલ પ્રસિધ્ધ થયા હતા**







અમરેલી, તા. ૧૧

અમરેલી ખાતે જનતા જનાર્દનનાં પરસેવાનાં કરોડો રૂપિયાનાં ખર્ચે નવનિર્મિત બસપોર્ટનો લોકાર્પણ કાર્યક્રમ આગામી અઠવાડીયે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં વરદ હસ્તે થઈ રહ્યાનું જાણવા મળેલ છે.

અમરેલી જિલ્લામાં મુખ્યમંત્રીનાં આગમનને લઈને વહીવટીતંત્રમાં ધમધમાટ શરૂ થયો છે. તો ઉચ્ચ અધિકારીઓએ બસ પોર્ટની મુલાકાત લીધી હોવાનું પણ જાણવા મળેલ છે. જો કે વહીવટીતંત્ર ધ્વારા મુખ્યમંત્રીના સત્તાવાર કાર્યક્રમ જાહેર થયો નથી પરંતુ મુખ્યમંત્રી આવે છે તેની ખાત્રી થવા પામી છે.

અમરેલીમાં બસ પોર્ટ બનાવવામાં અનેક અડચણો આવી, ગોકળગાયની ગતિએ કામ થયુ, ૩ વર્ષમાં બસ પોર્ટ તૈયાર થવાને બદલે લગભગ ૭ વર્ષ જેટલો સમય પસાર થયો અને છેલ્લા ૭ વર્ષથી કામચલાઉ બસ સ્ટેન્ડમાં મુસાફરો હેરાન–પરેશાન થઈ રહ્યા હોય આ અંગે ''અમરેલી એકસપ્રેસ''માં અવારનવાર અહેવાલો પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ.

આગામી અઠવાડીયે હવે બસપોર્ટ શરૂ થવાથી મુસાફરો નર્કાગાર જેવી મુશ્કેલીમાંથી મુકત થશે.

### જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાનો કોઈ હિસાબ મળતો નથી

## દામનગરમાં વિકાસ કાર્યોમાં પડેલ ગાબડા બુરવામાં પણ દે ધનાધન કરવામાં આવતા રોષ

**પદાધિકારીઓ અને અધિકારીઓ સેવા કરવા માટે છે કે મેવા ખાવા માટે તે સમજાતું નથી**





દામનગર, તા. ૧૧

દામનગરમાં વિકાસની વાતોમાં બુરેલા ખાડા દેખાણા, સેવા સદનમાં પ્રમુખ–ચીફ ઓફિસરની ચેમ્બરનાં બોર્ડમાં નામ લખવા જરૂરી. લાખ્ખો – કરોડો રૂપિયાના વિકાસના કામો થયાની જાહેરાત થાય છે, પરંતુ થયેલા કેટલા કામો ઓછા સમયમાં જ નબળા થયાનાં ગાબડાં બહાર આવી જાય. ત્યારે એવું સ્પષ્ટ લાગે કે વિકાસ કોનો થયો. અહીંયાં બે તસ્વીરોમાં એક થોડા દિવસ પહેલાં નગરપાલિકાની હદમાં રસ્તામાં પડેલા ખાડાઓને બુરવામા આવ્યા હતા તે ફરી પાછા દેખાઈ રહ્યા હોય અકસ્માતનો ભય રહ્યા કરે..!! તેમજ દામનગર નગરપાલિકા કચેરી (સેવા સદન) માં પ્રમુખ અને ઉપપ્રમુખ અને ચીફ ઓફિસરની ચેમ્બર બહાર બોર્ડ મૂકયા છે તે ખબર ના પડે. (આ બંને ચેમ્બરમાં કોણ ચીફ ઓફિસર અને પ્રમુખ કયારથી કયાં સુધી રહ્યા તે બોર્ડમાં છે.) તે ઠીક છે પણ આ બંને ચેમ્બરની બહાર પ્રમુખ–ઉપપ્રમુખ, કારોબારી સમિતિના ચેરમેન

**અનુસંધાન પાના ૬ ઉપર**

### એસપીની સુચનાથી એસઓજીનો સપાટો

## સાવરકુંડલા નજીકથી જામગરી બંદુક સાથે એક ઈસમની અટકાયત

અમરેલી, તા. ૧૧

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા આગામી ગણપતિ વિસર્જન તથા ઈલે–મિલાદ તહેવારો અનુસંધાને જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને જે અંગે તકેદારીના ભાગરૂપે જિલ્લામાં એ.ટી.એસ. ચાર્ટર મુજબના ગંભીર પ્રકારનાં ગુન્હાઓ અટકાવવા તેમજ ગેરકાયદેસર હથિયાર ધરાવતા ઈસમોને તાત્કાલીક પકડી પાડી આરોપીઓ અંગે માહિતી મેળવી આવા ઈસમોને જેલ હવાલે કરવા જરૂરી સુચનાં આપેલ હોય. જે અન્વયે એસ.ઓ.જી.

**અનુસંધાન પાના ૬ ઉપર**












*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)